# સહજ-સત્સંગ

અંક : ૨૭૯ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ડિસેમ્બર - ૨૦૧૧




## જ્યોતિર્લિંગનો અર્થ



# મા મીરાંબિકા

Whatever work you do, do it as perfectly as you can.
That is the best service to the Divine in man.

- The Mother

## પૂર્ણતાનું સ્વરૂપ

ભાવાનુવાદ

દિવ્ય-તત્ત્વ માનવ મહિં, કરે પોતાનું કામ । તેને વિકસાવવા કહ્યું, એક માર્ગ તણું વિધાન ॥
જે કામ પોતે કરો, પૂર્ણતાનું રાખો ભાન । પૂર્ણતા ત્રેવડી ગણી, બાહ્ય આંતર અને સંવાદ ॥
બાહ્ય પૂર્ણતા પદ્ધતિમાં રહી, પૂર્ણ પરિણામ સ્વરૂપ । આંતર પૂર્ણતા સમર્પણગણી, ને નિમિત્તભાવ અનુરૂપ ॥
સંવાદ બન્નેની એકાતામાં, ત્રિવિધ પૂર્ણતા ગણાય । તેને જીવને વણવી રહી, એ જ ઉપાય જણાય ॥
બાહ્ય પૂર્ણતા પ્રકૃતિ તણી, આંતર પુરુષની ગણાય । બન્નેની સંવાદિતા એ, પ્રભુ સેવા કહેવાય ॥

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૮, ૧૯ જુલાઈ ૧૯૧૪)



આંધીના પવનો, ઝનૂનીમાં ઝનૂની પવનો વાઈ રહ્યા છે, તો પણ બે વસ્તુઓ અવિચલ બની રહેલી છે : એ સંકલ્પ કે સૌ કોઈ સાચું સુખ, તારું સુખ પામીને સુખી બની રહે અને તીવ્ર ઈચ્છા કે તારી સાથે પૂર્ણ રીતે મિલન પમાય..... (૧૮-૭-૧૯૧૪)

તારી અનંત શક્તિના એક અણુને અનુવાદિત કરવા માટે માનવ શક્યતાઓની સારીએ સમૃદ્ધિઓની જરૂર રહે છે..... (પ્રભુ તું અમારા) બંધ બારણાંઓને ખોલી આપ, રોકી રખાએલા પ્રવાહોને વહેતા મૂકી દે..... આ સર્વની જરૂર છે કારણ કે પ્રભુએ પોતાનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ કર્યો છે..... (૧૯-૭-૧૯૧૪)

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો નિર્ધાર) | ૧ |
| **મૃત્યુનું રહસ્ય** | ૪ |
| **સુંદર કથાઓ** (ભ્રમનો શિકાર) | ૮ |
| **માતૃવાણી** (પ્રભુ સંકલ્પને ઓળખવાની રીતો) | ૯ |
| **સાવિત્રી** (ધવલ પ્રશાંતિની અનુભવ - પ્રક્રિયા) | ૧૨ |
| **યોગ વિષે પત્રો** (વિસંવાદ - સંવાદ અને દિવ્ય-સંવાદ) | ૧૬ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (શ્રી અરવિન્દની સાધના - પદ્ધતિ) | ૧૯ |
| **ઉપનિષદોનું અમૃત** (યોગથી બંધનમુક્તિ) | ૨૧ |
| **વેદવિજ્ઞાન** (દધીચિની રૂપાંતર વિદ્યા) | ૨૨ |
| **ખુલ્લી સમાધિ** | ૨૪ |
| **યોગ પર દીપ્તિઓ** (અધિમનસની આવશ્યકતા) | ૨૯ |
| **આગામી-ભાવિ** (અભય હસ્ત) | ૩૨ |
| **સાંજના વાર્તાલાપો** (પ્રભુકૃપાનું સ્વરૂપ) | ૩૩ |
| **ભાવિ - સમાજ** (ભાવિ-સમાજનાં લક્ષણો) | ૩૫ |
| **સાચી શ્રદ્ધાંજલિ** | ૩૭ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સાચો મિત્ર કોને કહેવાય ?) | ૩૮ |
| **સર્વાંગી આરોગ્ય** (શરીરની ચેતના દ્વારા રોગ - નિવારણ) | ૩૯ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (જિજ્ઞાસાને સ્વવિકાસથી સંતોષો) | ૪૩ |
| **વેદનું રહસ્ય** (આધુનિક સિદ્ધાંતો) | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૩ વર્ષ : ૨૩
ડિસેમ્બર - ૨૦૧૧



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુનો નિર્ધાર

(પૃ.૧૫૩-૧૫૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રથમ યુદ્ધના ઝંઝાવાતી પવનો વાઇ રહ્યા છે. માનવતા પોતે સર્વનાશના અણીએ ઝૂલી રહી છે. કોઈને પોતાના જીવનની ખાતરી નથી. ગમે ત્યારે મોત સામે ઊભું આવી રહેવાની શક્યતા છે ત્યારે પણ માતાજી જણાવે છે કે બે વસ્તુઓ અવિચળ જ રહેલી તેમને અનુભવાય છેઃ (૧) માનવતા ને સાચું સુખ પ્રભુ સાથેની એકરૂપતામાંથી જ મળશે. (૨) માતાજીને પોતે વ્યક્તિશઃ પ્રભુ સાથે એકરૂપ થઈ રહેવાની તીવ્ર ઝંખના છે.

આ બે વસ્તુ સિવાય કોઈ વસ્તુ મનનો કબ્જો લે છે તો તે ખૂબ જ ક્ષણિક હોય છે અને તે પણ પાછલા સંસ્કારો અથવા ટેવોને કારણે. તેમાં માતાજીની પોતાનો કોઈ આગ્રહ જણાતો નથી.

જગતમાં બધા જ આદર્શો હવે ભાંગતા દેખાઈ રહ્યા છે પણ ઉપરની બે વસ્તુઓ તો જાણે દૃઢ, શાંત, સ્થિર, અક્ષુબ્ધ એવા દૃઢ નિશ્ચય તરીકે બધા ઝંઝાવાતોમાં ટકતી લાગે છે.

માતાજી જાણે છે કે પ્રભુ સાથે એકરૂપ થવું કેટલું અઘરું છે. ફક્ત માનસિક કે ભાવનિક એકરૂપતાની અધૂરી આ વાત નથી પણ પાર્થિવ સ્વરૂપ પણ પ્રભુ સાથે એકરૂપતા અનુભવતા શીખે એવી માતાજીની ઈચ્છા છે. અરે, શરીરના એક કોષને પણ આવી એકરૂપતા પ્રાપ્ત કરવું મુશ્કેલ જણાય છે. પ્રભુની અનંત ક્ષમતાના એક અણુને પણ ભૌતિક તત્ત્વ સુધી વાસ્તવિક કરવા માટે માનવની ક્ષમતાઓની સમગ્ર ક્ષમતાઓને વાપરવી પડે છે. તેથી માતાજી પ્રભુને વિનંતી કરે છે કે પ્રભુ અમારી ક્ષમતાઓ જે હજી બીજરૂપે છે તેમના બંધ બારણાંઓ ખોલી નાખો, જેથી અમે તે ક્ષમતાઓનો આપને ભૂતળે વાસ્તવિક કરવા વાપરી શકીએ. તે માટે એવા વક્તાઓ સર્જો જે પોતાની સુંદર, સ્પષ્ટ અને મધુર વાક્શક્તિથી લોકોને આ મહાન કાર્યમાં જોડાવા લોકોને પ્રેરિત કરે. પ્રભુ આ માટે જે વિવિધ - ક્ષમતાઓની જરૂર છે તે ધરાવતા વિવિધ લોકો આ મહાન આદર્શ માટે એકત્રિત થાય.

આ ઘટના થવાની જ છે એની માતાજીને ખાતરી છે કારણ પ્રભુનો જ પોતાનો સંકલ્પ છે કે તેને હવે પ્રગટ થવું છે. આ આવિર્ભાવનું આયોજન પ્રભુ પોતે જ કરી રહ્યાં છે અને તેને નેતૃત્વ પણ તે જ પૂરું પાડશે.

# મૃત્યુનું રહસ્ય

- જ્યોતિબહેન થાનકી

જન્મ અને મૃત્યુ એ જીવનની એવી રહસ્યમય ઘટનાઓ છે કે જેના વિષે મનુષ્યમાં બુદ્ધિનો ઉદય થયો ત્યારથી ચિંતન થતું આવ્યું છે, પણ હજુ સુધી એનો ઉકેલ મેળવી શકાયો નથી. વૈજ્ઞાનિકો, શરીર વિજ્ઞાનશાસ્ત્રીઓ, ચિંતકો, સાધકો એનો ઉકેલ મેળવવા પોતપોતાની રીતે પ્રયત્નો કરી રહ્યા છે, છતાં મૃત્યુ એ હજુ પણ રહસ્યમય જ રહ્યું છે; કેમ કે આ એક જ અનુભવ એવો છે કે જેમાં એ અનુભવ લીધા પછી તેમાં શું બને છે, એ કહેવા માટે કોઈ પાછું આવતું નથી. એ અનુભવની સાથે જ શરીર છૂટી જાય છે. એટલે તેને વ્યક્ત કરવા માટે કોઈ જ રહેતું નથી.

આ રહસ્ય જાણી શકાતું નથી, એટલે સહુથી પ્રથમ પ્રશ્ન એ ઊઠે છે કે જો મરવાનું છે, તો પછી જન્મવાની અને પૃથ્વી ઉપરની આ વ્યર્થ દોડધામ કરવાની શી જરૂર છે ? જે કંઈ પ્રાપ્ત કર્યું એ બધું અહીં જ છોડીને જો જતાં રહેવાનું હોય તો અહીં આવવાની શી જરૂર છે ?

**મૃત્યુ શા માટે ?**

મૃત્યુની પરિભાષા સમજતાં પહેલાં આપણે જીવનની પરિભાષા સમજવી પડે. કેમકે બંને એક જ સિક્કાની બે બાજુ છે. તો પછી જીવન શું છે ? જીવન એટલે સંઘર્ષમય પરિસ્થિતિઓની વચ્ચે થતો ચેતનાનો વિકાસ. તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે ચેતના એટલે શું ? ચેતના એટલે પરમતત્ત્વની શક્તિ. પરમતત્ત્વ એટલે કે પરમાત્માએ જ્યારે સૃષ્ટિ સર્જનની ઇચ્છા વ્યક્ત કરી, ત્યારે પરમાત્મામાંથી આ ચેતનાશક્તિ આવિર્ભાવ પામી. પછી એ પોતે જ ઘન અચિત્‌માં પરિણમી એમાંથી સર્વપ્રથમ સર્જાયો ઘન પદાર્થ. ભલે આનું દેખીતું સ્વરૂપ જડપદાર્થનું હતું પણ એમાં ય પરમતત્ત્વની એ ચેતનાશક્તિ ગુપ્ત રીતે રહેલી હતી. ધીમે ધીમે એ જડપદાર્થ મુલાયમ થતાં એ ચેતનાશક્તિ પ્રાણશક્તિ રૂપે આવિર્ભાવ પામી અને જડપદાર્થ અને એ પ્રાણશક્તિના સંયોજનથી જીવસૃષ્ટિ સર્જાઈ. એકકોષી જીવ અમીબાથી આ શરૂઆત થઈ. શરૂઆતમાં જળચર પ્રાણીઓ, પછી જળ અને સ્થળમાં રહેનારાં કાચબા જેવા પ્રાણીઓ, પછી જમીન પર રહેનારાં વિરાટકાય પ્રાણીઓ

જેમાં જડપદાર્થ વધારે અને પ્રાણશક્તિ ઓછી એ રીતે અસ્તિત્ત્વમાં આવ્યાં. જેમ જેમ જડ અને પ્રાણશક્તિ વધારે ઓતપ્રોત બન્યાં, તેમ જડપદાર્થ ઓછો થતો ગયો અને પ્રાણશક્તિ વધારે એવા ચપળ પ્રાણીઓ અસ્તિત્ત્વમાં આવ્યાં. એ પછી જડપદાર્થ અને પ્રાણશક્તિથી વધારે ઊંચી ભૂમિકાની માનસશક્તિનો આવિર્ભાવ થયો. જડતત્ત્વ, પ્રાણશક્તિ અને મનની શક્તિથી સંચરતા વાંદરા જેવા પ્રાણીઓ સર્જાયાં, જેમાં થોડી મનની ચેતનાનો ઉદય થયો હતો. ધીમે ધીમે મનની ચેતના વિકસતી ગઈ તેમ તેમ વાંદરામાંથી આજનો મનુષ્ય સર્જાયો. આ રીતે પરમતત્ત્વમાંથી સર્જન માટે જે ચેતનાશક્તિ આવિર્ભૂત થઈ તેની અવિરત યાત્રા જડપદાર્થથી પ્રાણશક્તિ અને મનની શક્તિના વિકાસ સુધી પહોંચી છે. પરંતુ હજુ ચેતનાની આ યાત્રા બાકી છે. તેણે જે સ્વરૂપમાંથી તે પ્રગટ થઈ છે, એ પોતાના મૂળ સ્વરૂપ સુધી પહોંચવાનું છે. જેમ જડપદાર્થમાં પ્રાણશક્તિનું પૂરેપૂરું સમાયોજન થઈ ગયું, અને મનની શક્તિ પ્રગટ થઈ, તે જ રીતે હવે જડપદાર્થમાં મનની શક્તિનું પૂરેપૂરું સમાયોજન થઈ જશે, ત્યારે એ પરમતત્ત્વની પોતાની ચેતના જે ગુપ્તરીતે રહેલી છે, તેનો આવિર્ભાવ થશે. એ તો છે પરમાત્માની પોતાની પૂર્ણચેતના. આથી એનો આવિર્ભાવ થતાં જેમ પ્રાણીમાંથી મનુષ્ય રૂપ, રંગ, ગુણ, આકાર અને બુદ્ધિથી તદ્દન નવી જ જાતિ રૂપે સર્જાયો, તે જ રીતે પરમાત્માની ચેતનાથી મનુષ્યમાંથી એ પૂર્ણચેતનાથી સંચારિત દેવમનુષ્ય રૂપ, રંગ, ગુણ, આકારથી તદ્દન જુદા પ્રકારનો જ હશે. એનું શરીર અતિશય સુંદર, નમનીય, તેજોમય અને મુલાયમ હશે. આ રીતે પરમચેતનાની અંધકાર, જડતા, તમસ્‌માંથી પોતાના મૂળ દિવ્ય સ્વરૂપ પ્રત્યેની અવિરત યાત્રા છે. આ ચેતના પ્રત્યેક યોનિમાં વિકસતી રહે છે. જડપદાર્થથી લઈને અત્યારે વિકસતી - વિકસતી મનુષ્ય સુધી પહોંચી છે. પરંતુ હજુ તેની અંતિમ મંઝિલે પહોંચી નથી. જ્યાં સુધી તે પોતાના મૂળ સ્વરૂપ સુધી પહોંચી નથી, ત્યાં સુધી આકારો સર્જાતા રહેશે અને વિલય પામતા રહેશે. ચેતનાની આ યાત્રામાં આકારોનું સર્જાવું એ છે જન્મ અને વિલય પામવું. એ છે મૃત્યુ. આ જન્મ-મૃત્યુ એ આકારોને છે, પણ ચેતનાને નથી. ચેતના તો સદા ય રહેલી છે અને જન્મજન્માંતરો દ્વારા વિકાસ પામી રહી છે. એમાં મૃત્યુ એટલે આકારોનું વિસર્જન એ વિકાસ માટે અત્યારના તબક્કે અનિવાર્ય બની રહે છે.

શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરીનાં શ્રી માતાજીને સાધકોએ મૃત્યુ શા માટે

છે ? આ વિષે પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં એમણે જણાવ્યું હતું કે મૃત્યુની પાછળ પ્રકૃતિનો મૂળભૂત હેતુ રહેલો છે. તે એ છે કે પૃથ્વી ઉપર પ્રાણીઓના આકારો સર્જવા માટે ભૌતિક પદાર્થનો ઉપયોગ થયેલો છે, કેમ કે ભૌતિક પદાર્થ વગર પ્રાણશક્તિ અને મનની શક્તિ મૂર્ત સ્વરૂપ ધારણ કરી શકે નહીં. આથી સ્થાયી આકાર માટે જે જડદ્રવ્ય વાપરવામાં આવ્યું એ દ્રવ્ય પ્રાથમિક દશામાંથી ધીરે ધીરે પરમ ચેતના પ્રત્યે ગતિ કરી રહ્યું છે. પરંતુ તેની ગતિ અતિશય મંદ હોવાથી તે પ્રાણ અને મનની શક્તિઓના વિકાસની ગતિને અનુસરી શકતું નથી. શક્તિઓ અને ચેતના તો અવિરત વિકસતી રહે છે, અને ઘનીભૂત થયેલો આકાર તેની સાથે તાલ મિલાવી શકતો નથી. અમુક કક્ષા પછી તો તે એટલો બધો જડ થઈ જાય છે કે પછી તેનામાં વિકાસની શક્તિ જ રહેતી નથી. આથી જડ આકાર અને વિકસતી જતી ચેતના વચ્ચે વિસંવાદિતા ઊભી થાય છે. આ વિસંવાદિતાને પરિણામે આકારોને વિલય પામવું પડે છે, તેથી મૃત્યુ અનિવાર્ય બની જાય છે. જડ આકારોની અપરિવર્તનશીલતાને લઈને મૃત્યુ છે. જો આ આકારો વૈશ્વિક શક્તિઓના વિકાસની સાથે પોતાનામાં પરિવર્તન સાધી શકે તો પછી તેઓ ટકી શકે, તેમને વિલય પામવાનું રહે નહીં. એટલે કે મૃત્યુ અનિવાર્ય ન રહે.

સામાન્ય રીતે માણસનું શરીર જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેનો આકાર ઘડાતો જાય છે. તે સઘન બની જાય છે. તેના શરીરમાં ખૂબ લચીલાપણું હોય છે. બાળક ઉપરથી નીચે પડે તો પણ તેને ખાસ ઈજા થતી નથી. તેની અંદરના હાડકાનું દ્રવ્ય પણ મુલાયમ હોય છે. આથી બાળકો પડે તો પણ મોટેભાગે હાડકાંને ઈજા થતી નથી. જ્યારે મોટા માણસોનાં હાડકાં બરડ બની ગયાં હોય છે, અને સામાન્ય પડી જાય તો પણ ભાંગી જાય છે. બાળકોનું શરીર સતત વિકસતું હોય છે અને બદલાતું હોય છે. આ પ્રક્રિયા યુવાની સુધી ચાલુ રહે છે. યુવાની સુધી શરીર ચેતનાના વિકાસની ગતિને સાથ આપતું રહે છે. પણ પછી શરીર જડ થઈ જાય છે અને ચાળીસ વરસ પછી તેનો વિકાસ સ્થિર થઈ જાય છે અને પ્રગતિ અટકી જાય છે, જ્યારે ચેતના અને આંતરિક શક્તિઓ તો સતત વિકસતાં જ રહે છે. એમાં શરીર પાછળ રહી જાય છે, તેથી શરીરમાં વિઘટનની પ્રક્રિયાઓ શરૂ થઈ જાય છે, અને છેવટે શરીર આત્માની ગતિને સાથ ન આપી શકવાથી તે છૂટી જાય છે અને આત્મચેતના ફરી નવા શરીરમાં આગળની યાત્રા આરંભે છે. આ છે મૃત્યુનું કારણ. આથી જ કહેવાય છે કે શરીર કદી અમર નથી અને આત્મા કદી મરતો

નથી. સ્વામી વિવેકાનંદે પોતાના ગુરુભાઈને કહ્યું હતું; ''હું એટલો બધો વિશાળ થતો જાઉં છું કે આ શરીરમાં સમાઈ શકું તેમ નથી.' એટલે કે તેમની આત્મશક્તિનો એટલો બધો ઝડપી વિકાસ થયો હતો અને આત્માની શક્તિઓને શરીર સંપૂર્ણપણે ધારણ કરી શકે તેમ નહોતું. આથી જ ૩૯ વર્ષની નાની વયમાં એમને શરીર છોડી દેવું પડ્યું. એમના ગુરુદેવ શ્રી રામકૃષ્ણદેવે પણ શરીરની બાબતમાં જણાવ્યું હતું કે, ''જો કોઈને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય તો તેનું શરીર બહુ બહુ તો એકવીસ દિવસ સુધી ટકી શકે.'' કેમ કે જડ શરીર એટલું નમનીય અને મુલાયમ નથી કે એ પરમાત્માના સીધા પ્રકાશને ગ્રહણ કરીને પચાવી શકે. આથી જ્યાં સુધી વિકસતી જતી ચેતના અને શક્તિઓ સાથે શરીરની સૂક્ષ્મ શક્તિઓ અને ચેતના વિકાસ ન પામે અને શરીર પોતે પણ પરિવર્તન ન સાધે ત્યાં સુધી શરીર માટે વિસર્જન અનિવાર્ય બની રહે છે.

પરંતુ યોગીઓ, સાધકો યોગ, આસન, પ્રાણાયામ અને નિયમિત વ્યાયામ દ્વારા શરીરના વિકાસની સૂક્ષ્મ પ્રક્રિયાને લાંબા સમય સુધી ચાલુ રાખી શકે છે. તેથી તેમના શરીરમાં સ્થાયીત્વ મોડું આવે છે, એટલે ચેતનાના વિકાસની સાથે તેઓ સામંજસ્ય સાધી શકે છે. એટલા માટે જ શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરીમાં શારીરિક શિક્ષણ અને વ્યાયામને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેમાં ય પચાસ વર્ષની વયના સાધકો માટે તો કસરત ફરજિયાત છે. શ્રી માતાજી કસરતને કોષોમાં ચેતનાશક્તિ ભરવાની ક્રિયા કહે છે. રોજ નિયમિત કસરત કરવાથી શરીરના કોષોમાં ચૈતન્યશક્તિનો પ્રવાહ સતત વહેતો રહે છે. આ પ્રવાહ જ વિશ્વશક્તિઓ સાથે સંવાદ સાધી આપે છે, તેથી શરીરને વૃદ્ધત્વ મોડું આવે છે. શરીર પૂર્ણ આયુષ્ય સુધી કાર્યરત રહી શકે છે. પણ અત્યારનું આ શરીર કાયમ માટે ચેતનાની અને વિશ્વશક્તિઓની ગતિઓને અનુસરી શકે તેવું સક્ષમ ન હોવાથી તેણે થોડું મોડું, પણ વિલય તો પામવું જ પડે છે.


## SPONSERSHIP

**This issue is sponsored by Shri Lalitbhai Mistry and his family of New Jersey - U.S.A.**

# સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

## ભ્રમનો શિકાર

(પૃ.૧૪૦-૧૪૨)

ઈરાનનો રાજા કૈ કૌંસ. અનેક લડાઈઓ જીતી. લૂંટફાટ કરી. ધનવાન બન્યો. તે ધનમાંથી એલ્બર્ગ પર્વત ઉપર બે સોનારૂપાથી મઢેલા મહેલ બંધાવ્યા. કૈ કૌંસ પોતાને જગતમાંનો સર્વથી મહાન રાજા માનવા લાગ્યો.

સેતાન ઈલ્બીસને મજા આવી ગઈ. ચાલો - આને પાઠ ભણાવું. તેણે એક રાક્ષસને રાજાના મહેલમાં નોકર તરીકે મોકલ્યો, સાથે એક સુંદર પુષ્પગુચ્છ.

રાક્ષસ રાજદરબારમાં આવ્યો. નીચો વળી જમીન ઉપર ચુંબન કર્યું.

''જહાંપનાહ, આપે પૃથ્વી જીતી. હવે આકાશને જીતો. સૂર્ય, ચંદ્ર, તારાઓને જીતો. પક્ષીઓની મદદ લો.'

બીજે દિવસે રાજાએ પોતાના સલાહકારોને પૂછ્યું, ''આમાં પક્ષીઓની મદદ કેવી રીતે લેવી ?''

સલાહકારોએ યુક્તિ બતાડી.

રાજાએ ગરુડનાં ચાર બચ્ચાં પકડી મંગાવ્યાં. તેમને ખવરાવી, પિવરાવી મજબૂત, તાકાતવાન કર્યાં. પછી એક નાનકડો લાકડાનો માંચડો બનાવ્યો. તેની ઉપર પોતાનું નાનકડું સિંહાસન જડ્યું. માંચડાના ચાર ખૂણે ચારે ગરુડને જોતર્યાં. તેમને ખાવાની લાલચ આપવા તેમની સામે બકરાના માંસનો ટુકડો લટકાવ્યો. બધી તૈયારી થઈ ગઈ.

રાજા સિંહાસન ઉપર બેઠો. સલાહકારોએ રાજાનો જયજયકાર કર્યો. ગરુડો ઊડ્યાં, ઊંચે ને ઊંચે ચડ્યાં. રાજા ગેલમાં આવી ગયો.

આમ ને આમ એક દિવસ પસાર થયો. ગરુડો થાક્યાં. પાંખો સમેટી આરામ કરવા લાગ્યાં. માંચડા સાથે રાજા ઊંધો ચત્તો થતોથતો ચીનના રણમાં જઈ પટકાયો. સલાહકારોએ સાવચેતી વાપરેલી. તરત પહોંચી ગયા. રાજાના તો હાડકાં ખોખરાં થઈ ગયા હતાં.

રાજા પોતાની મૂર્ખતા સમજી ગયો. તેણે ખુદાનો પાડ માન્યો.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
## પ્રભુ સંકલ્પને ઓળખવાની રીતો

(માતૃવાણી - ૪) (૧૫ ફેબ્રુ. ૧૯૫૬) (પૃ.૧૩૦-૧૩૩)

પ્રકરણ - ૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ જે સ્વરૂપ હોવાનો એ દેખાવ કરતું હોય તે સ્વરૂપ, તે હકીકતમાં ન હોય, તો એ સૂક્ષ્મદર્શન ખોટું કહેવાય? (બાળક) પૃ.૧૩૦

૨ તમે તમારું સમર્પણ જડ પથ્થરની જેમ ન કરો..... તમારી સંકલ્પ - શક્તિને 'પ્રભુની તપઃશક્તિ'ના હાથમાં સોંપી દો. પૃ.૧૩૧

૩ લોકો એમ માનતા હોય છે કે બહારથી એમની પાસે જે કાંઈ આવે છે તે બધું જ પ્રભુનો 'સંકલ્પ' છે. પૃ.૧૩૨

૪ પોતે ધારેલું કર્મ કરવું અને પછી એને અર્પણ કરી દેવું (એટલે સમર્પણ) પૃ.૧૩૨

૫ કોઈ જાતનો સંકલ્પ ન કરવો (એટલે સમર્પણ) પૃ.૧૩૨

૬ જ્યારે વસ્તુઓ તમારા સંકલ્પથી વિરુદ્ધની બને છે ત્યારે તમે કહો છો કે પ્રભુની ઈચ્છા એમ હશે. પૃ.૧૩

૭ તમારો સંકલ્પ સફળ ન થવામાં અમુક સંજોગો કારણભૂત હોય અને છતાં એ સાચી રીતનો સંકલ્પ હોય. પૃ.૧૩૩

૮ કઈ રીતે ખાતરી કરવી કે આપણો સંકલ્પ સાચો હતો કે નહિ ?..... જો તમે તટસ્થ, સ્થિર, શાંતિપૂર્ણ અને ઓછા અહંકારવાળા બની શકશો, તો તમને એ વસ્તુ સમજાઈ જશે કે કોઈ અગમ્ય કારણોસર તમારા સંકલ્પનું ખંડન થએલું છે..... જો તમે તમારી દૃષ્ટિને જરા વધુ ઊંચાઈ તેમ જ - વિશાળ કરશો તો તમે તરત જ જોઈ શકશો કે શું પરિણામ આવત..... એ આંશિક સત્ય હતું, વૈશ્વિક સત્ય નહોતું. પૃ.૧૩૩

**બાળક :** કોઈ સત્ત્વ તો તેવા વ્યક્તિનું સ્વરૂપ લઈ સૂક્ષ્મદર્શનમાં પ્રગટ થતું હોય તો શું એ સૂક્ષ્મદર્શન ખોટું ન કહેવાય?

**માતાજી :** ના, તે સત્ત્વે જે સ્વરૂપ ધારણ કર્યું છે તે મુજબ જ તમને સૂક્ષ્મદર્શન થએલ છે. તો પછી એ સૂક્ષ્મદર્શન સાચું જ છે પણ તેમાં જે હકીકત દર્શાવવામાં આવી છે તે ખોટી છે. આપણી વિવેકશક્તિ આ ભ્રામક ઘટનાને પકડી શકતી નથી. તે સત્ત્વો તમને ભ્રમમાં નાંખી ખોટા રવાડે ચડાવે છે.

આશ્રમમાં પણ ઘણા સાધકોને આવા કડવા અનુભવો થયાં છે. મારું સ્વરૂપ ધારણ કરીને તેઓ તેમને કોઈ સૂચન કરતાં. તેઓ શ્રદ્ધાથી તે મારું સૂચન સમજીને તે અનુસાર વર્તતા અને મુશ્કેલીમાં મુકાઈ જતાં. તેથી આવી મુશ્કેલી ટાળવા માતાજીએ એક સરળ ઉપાય દર્શાવેલો. તેઓ માતાજી પાસે તે જણાવતા. માતાજી તેની ચકાસણી કરીને તેમને વાસ્તવિકતા જણાવતાં અને જો ભ્રામક હોય તો બચાવી લેતાં.

માતાજી સમર્પણ વિષે વાંચે છે, તેમાં પોતાની સંકલ્પ-શક્તિને પ્રભુની તપઃશક્તિના હાથમાં મૂકવાનું જણાવેલ છે પણ લોકોને પ્રભુની તપઃશક્તિ વિષે જ કોઈ જાણકારી ન હોવાથી પોતે સંકલ્પ કરવાનું જ છોડી દે છે, જે ખરેખર યોગ્ય નથી જ. કેટલાક તેની સામે છેડે એવું માને છે કે બહારથી જે કાંઈ આવે છે તે પ્રભુના સંકલ્પાનુસાર જ હોય છે. તેમના મતે કોઈનો બળવાન સંકલ્પ એ જાણે તેમના માટે પ્રભુનો સંકલ્પ બની જાય છે અથવા એ વખતે વૈશ્વિક સંકલ્પ જે રીતે કામ કરતો હોય તે પ્રભુનો સંકલ્પ બની જાય છે.

અમુક લોકો માને છે કે દરેકે પોતાના સંકલ્પાનુસાર જ કામ કરવું જોઈએ અને અંતે તે કર્મ પ્રભુને અર્પણ કરી દેવું જોઈએ. માતાજી જણાવે છે કે આ પદ્ધતિમાં આપણા સંકલ્પને પ્રભુના સંકલ્પ સાથે તાળમેળમાં ગોઠવવા મન, ચિત્ત શાંત કરી અંતરના અવાજનું માર્ગદર્શન મેળવી પછી જ પોતાનો સંકલ્પ તે અનુસાર કરવો હિતાવહ છે.

આમ, પ્રભુને પોતાના સંકલ્પો સમર્પિત કરવાના અનેક પ્રકારો છે. ઘણા લોકોના મતે કોઈ કામ ન કરે અને તે કરવું જરૂરી લાગે તો પોતે ઉપાડી લઈ તેને પ્રભુનો સંકલ્પ સમજી કરવું જોઈએ.

વ્યવહારુ ભૂમિકા એ છે કે માનવ જ્યારે પોતાની અંદર કોઈ સંકલ્પનું

ઘડતર કરે છે ત્યારે તેણે પોતાને લાગતા ઉચ્ચોચ્ચ આદર્શના પ્રકાશમાં તેને ફરીથી ચકાસી લેવો જરૂરી છે જેથી તેમાં કોઈ ઊણપ ન રહે.

ઘણા લોકો એમ માને છે કે પ્રભુના સંકલ્પથી જ બધું થાય છે તો પછી ઉપાધિ કર્યા વગર શાંતિમાં નિવૃત્ત થઈ જીવવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. તેઓ એમ કહે છે કે તમારો સંકલ્પ યશસ્વી થતો ન લાગે તો સમજો કે તે પ્રભુના સંકલ્પનો વિરોધી છે અને તેનો તુરંત ત્યાગ કરો.

પણ પ્રભુના સંકલ્પ સામે પણ અદિવ્ય શક્તિઓના અવરોધો તો જાગે જ છે, તેથી અવરોધ છે તેથી આપણો સંકલ્પ પ્રભુના સંકલ્પ વિરોધી છે એમ માનવું યોગ્ય નથી. તત્કાલીન પરિસ્થિતિને કારણે પણ અવરોધો જાગતા હોય છે, જ્યારે ખરેખર તે સંકલ્પ પ્રભુનો જ સંકલ્પ હોવાની શક્યતા છે.

તો પછી આપણા સંકલ્પની સત્યતાની ખાતરી કેવી રીતે કરવી ? આનો જવાબ નિશ્ચિત છે જ. જો આપણે તટસ્થ, સ્થિર, શાંત, નીરવ અવસ્થામાં રહેશું અને અહંકારની પસંદગી-નાપસંદગીની પ્રક્રિયાથી મુક્ત રહેશું અને આપણા સંકલ્પ વિરુદ્ધ જાગતા અવરોધોને જોશું તો તરત તેમાં રહેલી ઊણપ જણાશે. તે ઊણપનો નાશ કરવા જ વિરોધ જાગેલો હોય છે. તે માટે આપણે ઊર્ધ્વ ચેતનામાં અને વિશાળ ચેતનામાં સ્થિર રહીને જોવાનો અભ્યાસ કરવો પડે છે.

---


## નૂતન પ્રકાશનો

લેખિકા : જ્યોતિબેન થાનકી

* **શ્રી અરવિન્દ : પોતાના વિશે** - ભા. ૧ - ૨

પ્રાર્થના અને મંત્રો * કર્મ * ધર્મ * યોગ * સમર્પણ અને કૃપા

કિંમત : પ્રત્યેકની રૂા. ૫/-

**પૂર્ણયોગના પ્રકાશમાં** - કિંમત : રૂા. ૬૦/-

પ્રાપ્તિસ્થળ : **શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ**

શ્રી અરવિન્દ નિવાસ, દાંડીયા બજાર, વડોદરા - ૧.

ફોન : (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

પૂર્ણયોગના પ્રકાશમાંના અમુક સાધનાલક્ષી લેખો સહજ-સત્સંગમાં પ્રકાશિત થઈ ચૂક્યાં છે.


---

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## ધવલ પ્રશાંતિની અનુભવ - પ્રક્રિયા

પ્રકરણ - ૧૧૧

(Savitri, B-1, C-4, P. 47-48)

Or a revealing Force sweeps blazing in;
Out of some vast superior continent
Knowledge breaks through trailing its radiant seas,
And Nature trembles with the power, the flame.

અશ્વપતિ પ્રભુના કાર્યનું નિમિત્ત બનવું એટલે શું એની ગહન અનુભૂતિમાંથી પસાર થઈ રહ્યો છે. તેને ગહન પ્રશાંતિનો અનુભવ આવવા લાગે છે અને ઊર્ધ્વમાંના પ્રકાશમય પ્રદેશમાંથી નીચે અવતરણ પામતી આંતર-પ્રેરણાઓનો પ્રવાહ અનુભવાય છે. તેના મનમાંના વિચારના પ્રવાહને તદ્દન કુંઠિત કરી નાખવામાં આવેલો હોય છે, અનુભૂતિ આગળ વધે છે.

પ્રશાંતિને કારણે બધાં ગાત્રો શાંત, સ્થિર સંગમરમરની મૂર્તિ જેવા થએલા તેણે અનુભવ્યાં. તે બાદ કોઈક અદૃશ્ય શક્તિ પ્રવાહ ધસમસતો તેના સ્વરૂપમાં ઉતરતો તે અનુભવવા લાગ્યો. ઊર્ધ્વમાં તો શુદ્ધ, નિર્મળ અવકાશ જેવો ખુલ્લો પ્રદેશ જ દેખાઈ રહ્યો હતો, પણ જેમ આકાશમાંથી વર્ષા પડે તેમ આ શક્તિ પ્રવાહ નીચે અવતરતો તેણે અનુભવ્યો. તે પ્રવાહ જ્યારે નીચે અવતરણ કરવા લાગ્યો ત્યારે અશ્વપતિનાં દરેક સ્તરે વિવિધ પ્રકારના સમજણનાં પ્રકાશો પ્રગટ થવા લાગ્યાં અને તે અશ્વપતિના દરેક તત્ત્વનાં સ્તરે પ્રકાશ પાથરતાં ગયાં. દરેક તત્ત્વ જાણે પ્રકાશનો મહાસાગર બની જતો અશ્વપતિને લાગ્યો. શ્રી અરવિન્દ તે માટે radiant seas એવો શબ્દ વાપરે છે.

વાસ્તવિક ઘટના એ છે કે તે શક્તિ-પ્રવાહ જ્ઞાનનો જ, આંતરપ્રેરણાનો જ પ્રવાહ હોય છે. જે પ્રજ્ઞાશક્તિમાંથી નીચે વરસી પડેલો હોય છે. પ્રજ્ઞાશક્તિએ

પ્રભુનો દિવ્ય-સંકલ્પ ધારણ કરેલો હોય છે. તેમાંથી નીકળતો અખંડ નાદ જ આ પ્રકાશનો પ્રવાહ રચે છે. તે જ્યારે યોગીના ચિત્તમાં પ્રવેશે છે ત્યારે તે આંતર-પ્રેરણામાં રૂપાંતરિત થાય છે. આ આંતરપ્રેરણા જ્યારે મનમાં પ્રવેશે છે ત્યારે તે આંતર-દર્શન અથવા આંતર-શ્રવણ (આકાશવાણી)માં ફેરવાઈ જતો હોય છે. આને જ શ્રી અરવિન્દ 'દૃષ્ટિ' અને 'શ્રુતિ' કહે છે. આ અનુભૂતિ જ્યારે બુદ્ધિમાં પ્રવેશે છે ત્યારે તેનું રૂપાંતર દિવ્ય-વિચારમાં થાય છે. આ દિવ્ય-વિચાર જ્યારે પ્રાણ તત્ત્વમાં પ્રવેશે છે ત્યારે તેઓ દિવ્ય-ભાવોમાં, ભાવનાઓમાં ફેરવાઈ જાય છે. આ દિવ્ય-ભાવ જ્યારે સૂક્ષ્મ પાર્થિવમાં પ્રવેશે છે ત્યારે તેમનું રૂપાંતર દિવ્ય-કર્મની પ્રેરણામાં થાય છે અને જ્યારે દિવ્ય-પ્રેરણા સ્થૂળ શારીરિકમાં પ્રવેશે છે ત્યારે તેનું રૂપાંતર દિવ્ય-કર્મમાં થાય છે અને આ દિવ્યકર્મ જ યોગીના સ્વરૂપને દિવ્ય-ઘાટ આપે છે, જેની દ્વારા પ્રભુ વધારે શુદ્ધ, પૂર્ણ અને સ્થાયીરૂપે પ્રગટ થાય છે. આવી રીતે પ્રભુ પોતાની દિવ્ય-પ્રજ્ઞાશક્તિ દ્વારા ઠેઠ સ્થૂળ પાર્થિવ તત્ત્વ સુધી વિવિધ સ્તરોએ કાર્ય કરે છે.

આને કારણે યોગી પોતાના સ્વરૂપમાં રોમાંચ અનુભવે છે. તે સુખના, આનંદના અને નવી સમજણના હોય છે. શ્રી અરવિન્દ તેને "trembles" શબ્દથી પ્રગટ કરે છે અને તેને કારણે યોગીનું સમગ્ર તત્ત્વનું સ્તર જ ઝળહળી ઊઠે છે. તે અનુભવ શક્તિ અને પ્રકાશનો Power and flame નો હોય છે.

A greater Personality sometimes
Possesses us which yet we know is ours:
Or we adore the Master of our souls.

શ્રી અરવિન્દ જણાવે છે કે જ્યારે આ રીતે જ્ઞાન અને શક્તિનો પ્રવાહ યોગીના સ્વરૂપનાં વિવિધ સ્તરે ઉતરતો હોય છે, ત્યારે તેને કારણે બીજી એક ઘટના પણ સાકાર થતી હોય છે. આપણાં સ્વરૂપનાં તત્ત્વો પોતાની વ્યક્તિગત સંકુચિતતા છોડીને પોતાના વૈશ્વિક-તત્ત્વમાં પ્રવેશી તેની સાથે એકરૂપતા સાધે છે, તેથી તે તત્ત્વ વિસ્તરતું હોય અને આપણા સ્વરૂપનો વિસ્તાર થતો હોય એવો અનુભવ આવે છે. આપણાથી અજાણ એવું આ સ્વરૂપ હવે આપણને આપણા સ્વરૂપને સુપરિચિત થઈ જાય છે.

જે યોગીને પોતાના સાધનાની અને તેની પ્રક્રિયાની વધારે સમજણ હોય છે તે

જાણે છે કે આ તો અસીમ ચેતનારૂપે જે આપણી ચેતનાનું જ મૂળ સ્વરૂપ છે તે સ્વરૂપે પ્રગટ થવા મથી રહી છે. આપણાં જ સ્વરૂપનું તે વૈશ્વિક - સ્વરૂપ હોય છે. વિશ્વાત્મા હોય છે અને તે જ આપણી ચેતનાનું માલિક છે એમ લાગે છે - "Master of our soul" લાગે છે.

Then the small bodily ego thins and falls;
No more insisting on its separate self,
Losing the punctilio of its separate birth,
It leaves us one with Nature and with God.

વિશ્વાત્મા સાથેની એકરૂપતાના કારણે ધીમે ધીમે શરીર પૂરતી જ પોતાને સંકુચિત કરી રહેતી ચેતના, જેને આપણે અહંકાર કહીએ છીએ, તે વિગલિત થવા માંડે છે. તેની સીમાઓ ભૂંસાતી જાય છે (punctilio) તે પોતાની અલગતાનો આગ્રહ છોડતો જાય છે. વૈશ્વિક સ્વરૂપમાં જ ચેતના વધારે ને વધારે સ્થિર રહેવા માંડે છે અને તેને કારણે વિશ્વપ્રકૃતિ (Nature) અને વિશ્વપુરુષ અર્થાત્ પ્રભુ પોતે, તેમની સાથે એકરૂપતા સધાય છે. સીમિત ચેતના અસીમતા ધારણ કરવા માંડે છે.

In moments when the inner lamps are lit
And the life's cherished guests are left outside,
Our spirit sits alone and speaks to its gulfs.

આવી વૈશ્વિક - ચેતનામાં યોગીની ચેતના સ્થિર થતાં જ આંતરિક જ્ઞાન પ્રગટ થવાની શરૂઆત થાય છે. વિશ્વપુરુષનું જ્ઞાન વ્યક્તિ કરતાં ઘણું વિશાળ અને અચૂક હોય છે. તેને હવે વ્યક્તિ દ્વારા પ્રગટ થવાનો મોકો મળવા લાગે છે. પણ આ ઘટના ત્યારે જ થાય છે જ્યારે કામક્રોધાદિ વિકારો શાંત પડી ગયાં હોય છે અને તેથી ચિત્ત એકાગ્ર થવા માંડે છે. તેમાં વિક્ષેપ પાડનાર કોઈ કારણ હોતાં નથી. આવી પ્રશાંતિની સ્થિતિમાં વિશ્વપુરુષનું જ્ઞાન પ્રગટ થવા માંડે છે. શ્રી અરવિન્દ તેને inner lamps are lit તરીકે વર્ણવે છે. ત્યારે આપણા ચૈત્યપુરુષનો અવાજ આપણે સાંભળી શકીએ છીએ. તે ચૈત્યપુરુષ પોતાની અભીપ્સા દ્વારા જ વાતો કરતો હોય છે. તે દરેક તત્ત્વને વધારે શુદ્ધ થવા, વધારે પ્રકાશમય થવા, વધારે પ્રભુને સમર્પિત થવા શીખવે છે. દરેક તત્ત્વ જાણે એક અખાત (ગલ્ફ) છે જે મૂળતઃ વૈશ્વિક સ્વરૂપનું હોવા છતાં તેનો થોડો અંશ આપણા સ્વરૂપમાં પણ પ્રવેશેલો છે.

આ પ્રવેશેલા અંશમાં ચૈત્યપુરુષ પોતાની અભીપ્સા રેડે છે.

A wider consciousness opens then its doors;
Invading from spiritual silences
A ray of the timeless Glory stoops awhile
To commune with our seized illumined clay
And leaves its huge white stamp upon our lives.

આને કારણે વધારે ને વધારે વિશાળ ચેતનાનો સંપર્ક સધાય છે. તેનો પ્રભાવ આપણા ઉપર પણ પડે છે. શ્રી અરવિન્દ તેને opens then its door શબ્દોથી વર્ણવે છે. ઊર્ધ્વમાંથી આવતો આ પ્રભાવ કોઈ અતૂટ એવી પ્રશાંત ચેતનામાંથી આવતો લાગે છે. ઘણી વખત આપણી ચેતનામાં સનાતનતાનો ભાવ પ્રવેશી જાય છે અને તેના કારણે ચેતના અસીમતા, પ્રખર તેજસ્વિતા અને એકાગ્રતા ધારણ કરે છે. શ્રી અરવિન્દ આને "timeless glory" તરીકે વર્ણવે છે. આ પ્રકાશ આપણા શારીરિક તત્ત્વ (our clay)ને પ્રકાશિત કરે છે. તેમાં ચેતનતા ભરે છે. તે વખતે સમગ્ર શારીરિક તત્ત્વ પારદર્શક નિર્મળ સ્ફટિક જેવું અથવા કર્પૂરગૌર (કપૂર જેવું શ્વેત ધવલ) બની જાય છે. આ તે વિશાલ ચેતનાના અવતરણનો પરિણામ હોય છે.

અશ્વપતિ આ શ્વેત-પ્રશાંતિમાં સ્થિર થઈ ગયો


**અપીલ**

''સહજ-સત્સંગ'' એટલે પૂર્ણ ભાગવત કાર્ય. આ અમૂલ્ય સાહિત્ય હોઈ તેનું ચોક્કસ લવાજમ રાખવામાં આવ્યું નથી. છતાં આ કાર્યનો ખર્ચ પણ ઘણો આવે છે. આપ અમને સહાયરૂપે ઓછામાં ઓછા રૂા.૧૨૫/- મોકલી શકો. આ માત્ર લવાજમ ન ગણતા તે પ્રભુના કાર્ય માટે આપણું નજીવું ''અર્પણ'' છે અને તે આપણા જીવનમાં અધ્યાત્મ-માર્ગે વધુ પ્રગતિ માટે સાધનાનું અંગ પણ બની રહે છે. આપણે પ્રભુને આપેલું ''અર્પણ'' કરીએ.

અમારા આ કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી શ્રદ્ધા છે.

**-ટ્રસ્ટી મંડળ**
**''સહજ-સત્સંગ''**

## યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૩

# વિસંવાદ - સંવાદ અને દિવ્ય-સંવાદ

(ભા.૧, પૃ.૪૨૭-૪૩૦)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ અધિમનસના ઘડવૈયાઓએ કોઈ પણ અનિષ્ટ વસ્તુનું ઘડતર કરેલ નથી. પૃ.૪૨૭

૨ નિમ્નબળો અધિમનસમાંથી શક્તિ ગ્રહણ કરે છે અને તેનાં સ્વરૂપોને વિકૃત કરી નાંખે છે. પૃ.૪૨૭

૩ અવતરણમાં જૂઠાણું મનથી શરૂઆત કરે છે. પૃ.૪૨૮

૪ આત્મા શબ્દના સંદર્ભ અનુસાર ઘણા અર્થો થાય છે. પૃ.૪૨૮

૫ જીવાત્મા એ અનેક સ્વરૂપના પરમામાનું એક સ્વરૂપ છે. પૃ.૪૨૯

૬ આત્મા એ એક જ છે જે અનેકને ટેકો આપે છે. પૃ.૪૨૯

૭ ચૈત્યપુરુષનું જીવાત્મામાં વિલિનીકરણ થતું નથી, પરંતુ તેની સાથે તે જોડાઈ જાય છે. પૃ.૪૨૯

૮ તેઓ (દેવો) ઉત્ક્રાંતિશીલ સત્ત્વો નથી. પૃ.૪૨૯

૯ તેમાં (પ્રાણજગતનાં સ્વર્ગો) એક સંપૂર્ણ સંવાદ હોય છે પરંતુ તે..... ઊર્ધ્વીકરણ થએલી અને સંતોષાએલી ઈન્દ્રિયોનો અને પ્રાણમય કામનાઓનો જ સંવાદ હોય છે. પૃ.૪૩૦

૧૦ જો કોઈ દિવ્ય-સંવાદ લાવવો હોય તો સર્વ શક્તિઓનો ઉચ્ચતર સ્તરે જઈને તેમનો એકી સાથે સંવાદ સ્થાપવો પડે છે. પૃ.૪૩૦

૧૧ બધાં જ બિન-ઉત્ક્રાંતિશીલ જગતો પ્રાણ જગતનાં સ્વર્ગોની માફક તેમના પોતાનાં સંવાદમાં મર્યાદિત હોય છે. પૃ.૪૩૦

૧૨ પાર્થિવ-ચેતનાની પાછળ રહેલી શક્તિ જ પોતાની માગણી છે. પૃ.૪૩૦

અધિમનસ - લોકને રચનાર પરમ-પ્રભુએ તેમાં કોઈ અનિષ્ટ તત્ત્વ જન્મથી જ ઉમેરેલું નથી. પણ તેમને જે અલગતાની વિશેષતા આપેલી છે તેમાં નિમ્નબળો વિકૃતિ નિર્માણ કરે છે. પ્રભુએ પોતાની મૂળ સનાતન સભાનતા ઢાંકી રાખી છે તેને કારણે અજ્ઞાન નિર્માણ થાય છે જે વિકૃતિઓની હારમાળા સર્જે છે. પ્રભુને આ ઘટનામાં પોતાની અનંતતાને અનંતરૂપો તરીકે પ્રગટ કરવાનું આયોજન દેખાય છે. માનવી-દૃષ્ટિએ આપણને તેમાં વિકૃતિ અને દોષો દેખાય છે વિસંવાદ દેખાય છે.

અજ્ઞાનને કારણે નિર્માણ થતી વિકૃતિઓને જ જૂઠાણા (falsehood) કહેવામાં આવે છે. જૂઠાણાં મનની કક્ષાએ નિર્માણ થાય છે. કારણ મનની એકાગ્ર થઈને જ જાણવાની મર્યાદા તેને વિભાજન કરવા બાધ્ય કરે છે. એકાગ્રતા નીચેનો પ્રદેશ તેને જ્ઞાનનો મર્યાદિત વિષય લાગે છે. આસપાસનું બધું તેને પાર્શ્વભૂમિ તરીકે અનુભવાય છે. આ વિભાજન જ અનિષ્ટનું જન્મ સ્થાન છે.

ઉત્ક્રાંતિમાં પ્રાણમય કક્ષા સુધી આ વિભાજન અજ્ઞાનના ક્ષેત્રમાં પડે છે પણ મનની કક્ષામાં પ્રવેશતાં જ તે સભાન જૂઠાણું બની જાય છે.

વિશ્વરૂપ - ચેતનામાં પ્રવેશતાં જ જૂઠાણાના અંતની શરૂઆત થાય છે કારણ તેમાં વિશાળ સભાનતા પ્રગટે છે. આ વખતે ત્રણ ઘટનાઓ બને છે :

૧ સાધક દેવોની હાજરી અનુભવતો થાય છે. (૨) સાધક પોતામાં સમગ્ર વિશ્વને અનુભવતો થાય છે. આવી અનુભૂતિને 'મહિમા' સિદ્ધિ કહે છે. તેની ચેતના મહાનતા, વિશાળતા ધારણ કરે છે. આ અજ્ઞાનમાંથી જ્ઞાનનાં પ્રદેશ તરફનો ચેતનાનો પ્રવાસ બની જાય છે.

કોઈપણ અસ્તિત્વ પ્રભુના ટેકા અને આધાર સિવાય શક્ય નથી. પ્રભુ એટલે પરમાત્મા. પણ આત્મ શબ્દના વિવિધ અર્થો છે તેથી ગોટાળા થાય છે. દા.ત. (૧) પ્રકૃતિની રચનાને ટેકો આપનાર પુરુષ જેને 'સત્તા' કહેવાય છે. ખરેખર તે પરમાત્માનું સંભવન (becoming) હોય છે. (૨) આત્માનો અર્થ ચૈત્યપુરુષ એવો પણ થાય છે; જે વ્યક્તિના વિકાસને ગતિ આપે છે, આધાર આપે છે અને માર્ગદર્શન પણ આપે છે. તે ભૌતિક જગતમાંનો વ્યક્તિમાં રહેલ દિવ્યસ્ફુલિંગ છે. સનાતન સત્ત્વો જેવા કે દેવો, અસુરો જેઓ પોતાના વિકાસ માટે ઉત્ક્રાંતિમાં પ્રવેશતા જ નથી તેઓમાં ચૈત્યપુરુષ હોતો જ નથી. ઉત્ક્રાંતિ માટે ભૌતિક જગતમાં જન્મ લેવો અનિવાર્ય હોય છે. પ્રાણમય સત્ત્વોને આ રીતે મર્યાદા સ્વીકારીને જન્મ લેવો ગમતો નથી તેથી તેઓ માનવી ભૌતિક-શરીરનો પ્રાસંગિક કબજો લઈને

ભૌતિક વસ્તુઓનો આનંદ માણે છે. ભૌતિક જન્મ લેવાથી રૂપાંતરની પ્રક્રિયામાં પ્રવેશવું પડે છે તે તેમને માન્ય નથી.

પરમાત્મા, જીવાત્મા અને જીવ (ચૈત્યપુરુષ) તે ઉત્ક્રાંતિનાં તબક્કા નથી પણ અવક્રાંતિ દરમિયાન પ્રભુએ રચેલું આયોજન છે. ખરેખર ત્રણે આત્મસ્વરૂપ જ છે, પણ તેમનાં દર્શનમાં, અનુભવમાં કે અનુભૂતિમાં તફાવત રહેલો છે. પરમાત્મ તત્ત્વ બધાં સાથે જ જીવાત્મા અને ચૈત્યપુરુષ સાથે સંબંધમાં જોડાએલો રહે છે. ચૈત્યપુરુષ જીવાત્માને પોતાનો આધાર તરીકે અનુભવે છે અને પરમાત્માને સમર્પિત થવા યોગ્ય તત્ત્વ તરીકે અનુભવે છે.

ચૈત્યપુરુષ જીવાત્મામાં વિલીન થતો નથી, પણ તેની સાથે જોડાઈને એક અસીમ સત્-તા અને પ્રભુના અંશ તરીકે અનુભવતો થાય છે. આ અસીમ સત્-તા ચૈત્યપુરુષ પોતાની અંદર અને બહાર બધાંમાં બધાંને જ ટેકો આપતી અનુભવે છે અને ચૈત્યપુરુષ જગતને પ્રભુની લીલા તરીકે અનુભવવા માંડે છે.

જીવાત્મા જ્યારે પોતાનો અંશીભાવ (પોતે પરમાત્માનો અંશ છે તે) છોડી દે છે ત્યારે તે પરમાત્મા સાથે સંપૂર્ણ એકરૂપતા અનુભવે છે આને 'લય-અવસ્થા' કહે છે.

પ્રાણમય જગતનાં સ્વર્ગોમાં સંવાદમયતા જરૂર અનુભવાય છે પણ તે પૂર્ણ-સંવાદમયતા હોતી નથી. તેમાં ઇન્દ્રિયો વધારે સાત્ત્વિકતા ધારણ કરે છે. વધારે ઉન્નત અને સુસંસ્કૃત થએલી હોય છે. તેઓ સૌંદર્યનો રસાસ્વાદ લઈ શકે છે, પણ તે દિવ્ય અથવા સર્વાંગપૂર્ણ સંવાદ હોતો નથી. દિવ્ય સંવાદમાં ફક્ત પ્રાણમય સંવાદિતા જ હોતી નથી. પણ ચૈતસિક, મનોમય, પ્રાણમય, પાર્થિવ બધાં જ તત્ત્વોની સંવાદિતા તેમાં સમાન રીતે ગોઠવાઈ ગએલી હોય છે, તેમાં બધાં જ તત્ત્વો અને શક્તિઓ ઉત્ક્રાંત અને રૂપાંતરિત થએલી હોય છે. દિવ્યાનંદ ત્યારે જ પ્રગટે છે તૃપ્તિ એ વસ્તુ જુદી જ છે અને સહજ-આનંદ એ વસ્તુ જુદી છે.

બધાં સનાતન લોકો છે તેમાં ઉપર મુજબની મર્યાદિત સંવાદિતા હોય જ છે પણ તે સર્વાંગપૂર્ણ દિવ્ય સંવાદિતા હોતી નથી. તેમાં ભવ્યતા, પૂર્ણતા અને દિવ્ય આનંદ હોતો નથી.

મર્ત્યલોકમાં તો દિવ્ય - સંવાદિતા જરા પણ નથી, તેથી જ તેને પ્રાપ્ત કરવાની ઝંખના અને અભીપ્સા જાગે છે. આમાં વિસંવાદમાંથી સંવાદમાં અને સંવાદમાંથી દિવ્યસંવાદમાં પ્રવેશવાની માગણી હોય છે. ધરતી દિવ્ય-સંવાદને ઝંખી રહી છે.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૭

(પૃ.૯૫-૯૭)

## શ્રી અરવિન્દની સાધના - પદ્ધતિ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. The teaching of Shri Aurobindo starts from that of the ancient sages of India that behind the appearances of the universe there is the Reality of a being..... a self of all things. P.95
2. This one Being and Consciousness is involved in Matter.... Evolution is the method by which it liberates itself. P.95
3. Life is the first step of this release; mind is the second, but the evolution does not finish with mind. P.95
4. The next step of the evolution must be towards the development of Supermind. P.95
5 The former steps in evolution were taken by Nature without a conscious will. Now, by the mental will in man that can be wholly done. P.95
6 The method is to be found through the ancient psychological discipline. P.95
7 Shri Aurobindo teaches that a descent of the higher principle is possible. P. 96
8 By opening all parts of the being to a transformation through the descent and working of the higher still cancelled supramental principle. P. 96
9. There are several ranges of consciousness (they) have to be opened up and their power brought down into the mind, life and body. Only afterwards can the full power of the Truth-consciousness work in the nature. P. 96
10 There is a combination of the principles of the old systems. P. 97
11 The inspiration of the Master... his control and his presence are indispensable. P. 97
12 The Master is one who has risen to a higher consciousness and being. P. 97
13 The one aim of his Yoga in an inner self-development by discovering the One self. P. 97

શ્રી અરવિન્દ પોતાની યોગ-પદ્ધતિની શરૂઆત આપણી પ્રાચીન ભવ્ય યોગ-પરંપરાઓથી કરે છે. તેમના મુજબ આ જગતની પાછળ એક જ આત્મા છે જેણે જગતનું રૂપ લીધું છે. જગતને દેખાય છે તેવું માનવું એ ભ્રમ છે. આ ભ્રમ અમુક માનસશાસ્ત્રીય પદ્ધતિથી નિવારી શકાય છે. તદ્દન જડ-પદાર્થમાં પણ પેલું આત્મતત્ત્વ ઊંડે ઊંડે સુપ્ત અવસ્થામાં પડ્યું જ છે. તે ઉત્ક્રાંતિની પ્રક્રિયા દ્વારા ધીમે ધીમે પ્રગટ થઈ રહ્યું છે અને પોતાનો પ્રભાવ દર્શાવી રહ્યું છે. જીવનનો આવિર્ભાવ એ આમાંનું પ્રથમ પગલું છે. મનનો આવિર્ભાવ બીજું. ભાવિ પગલું એટલે અતિમનસનો આર્વિભાવ કરવો.

અત્યાર સુધી નિસર્ગનાં પ્રાણી અભાન રીતે ઉત્ક્રાંત થતાં હતાં, પણ આ ભાવિ ઉત્ક્રાંતિ તો માનવોના સભાન સંકલ્પ દ્વારા જ થવાની છે.

આ માટે પ્રાચીન યોગ-પરંપરાનાં અમુક તત્ત્વો ઉપયોગી થશે જ. દા.ત. મનને ઊર્ધ્વ-ચેતના પ્રત્યે ખોલવાની પદ્ધતિ, વિશાળ-ચેતનામાં સ્થિર થવાની પદ્ધતિ, વિશ્વ-ચેતનામાં ઉઘાડ અનુભવવાની પદ્ધતિ, કામના અને ઈચ્છાઓ ઉપર વિજય મેળવવાની પદ્ધતિ વગેરે. જૂની, બાહ્ય ત્યાગવૃત્તિ છોડી દેવામાં વાંધો નથી.

આપણે જૂની અને નવી પદ્ધતિઓનો સમન્વય કરી આગળ વધવું પડશે. દા.ત. જ્ઞાન, ભક્તિ, કર્મયોગનો સમન્વય સ્વીકારવો જરૂરી છે.

ગુરુની પ્રેરણાઓ, સાધનાની ચિંતાજનક સ્થિતિમાં તેમનું આપણી ચેતના ઉપર નિયંત્રણ અને માર્ગદર્શન, તેમની હાજરીનો પ્રભાવ; આ બધી વસ્તુ આપણા યોગમાં ખૂબ જ આવશ્યક બાબત છે. અહીં ગુરુ એટલે ઊર્ધ્વ ચેતનામાં સ્થિર થઈને માર્ગદર્શન આપતી વ્યક્તિ. સારાંશ, આ યોગનું ધ્યેય છે આપણી આંતરિક સર્વાંગી પ્રગતિ કરતાં-કરતાં જગત પાછળ રહેલા એક જ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર અને તેનો પ્રભાવ દૈનિંદિન જીવનમાં સ્વીકારવો.

તમારા જીવનની પ્રત્યેક ક્ષણે તમારી સામે
બેમાંથી એક વસ્તુની પસંદગી કરવાની આવે છે,
પ્રભુકૃપા કે તમારી વ્યક્તિગત તૃપ્તિ. ?

**- શ્રી માતાજી**

- માનસિંહ ચાવડા

# યોગથી બંધનમુક્તિ

પ્રકરણ-૩૬ (શ્વેતાશ્વતર - ૨)

યોગક્રિયાઓ બાબતની સ્પષ્ટ સમજણ શ્વેતાશ્વતર ઉપનિષદમાં જોવા મળે છે. તેમાં જણાવે છે કે મસ્તક, કંઠ અને છાતીને ટટાર રાખીને હૃદયમાં મનને સ્થિર કરવું. ૐકારની ભાવના કરવામાં એકાગ્ર થઈ જવું. ૐકારની ભાવના એટલે અખંડ અવિનાશી, નિરાકાર, સર્વવ્યાપક, સનાતન એવી આકાશ જેવી પ્રકાશમય ચેતના છે તે જ હું છું. યોગસાધના વખતે આહાર-વિહાર યોગ્ય રાખવો. આહાર એટલે ફક્ત અન્ન નહિ પણ ઇન્દ્રિયોના પણ આહાર (વિષય)ને શુદ્ધ રાખવો. વિહાર એટલે દિનચર્યા. જરૂરી ઊંઘ, જરૂરી વ્યાયામ, જરૂરી કામ નિયમિત રીતે કરવું. આમ કરવાથી મન ઉપર સંયમ પ્રાપ્ત થશે અને મનને એકાગ્ર કરતા આવશે. ખરડાએલાં રત્નને ધોઈને જેમ ફરી ચળકતું કરાય તેમ વિકારોથી મલિન થએલ ચિત્તને શુદ્ધ કરવું જેથી આત્મતત્ત્વ પ્રગટ થાય. જ્યારે આત્મતત્ત્વમાં સમગ્ર અખંડતા જ અનુભવાય છે, ત્યારે તેને કૈવલ્ય કહે છે. કૈવલ્યમાં શોકથી યોગી પર ચાલ્યો જાય છે. કૈવલ્યમાં એક શાંત સ્થિર ચેતનાની સ્થિતિ હોય છે. પુરુષાર્થ કે પ્રયત્ન કરવાનો તેમાં અહંકારજન્ય ભાવ હોતો નથી. તેને કારણે દીપના પ્રકાશ જેવા પ્રકાશ સ્વરૂપ બ્રહ્મતત્ત્વને પામે છે ત્યારે તે બધાં જ બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.

બંધનો પ્રકૃતિનાં હોય છે. તે પ્રકૃતિ અજા છે અર્થાત્ તેનો જન્મ નથી થયો, અનાદિ છે પણ તેનો નાશ થાય છે. તેથી 'સાંત' પણ છે (સ+અંત). પ્રકૃતિએ આ બ્રહ્માંડમાં અનેક લોકો રચ્યાં છે. તે ત્રિગુણાત્મિકા છે. સત્ત્વગુણનો રંગ શ્વેત પ્રકાશનો છે. રજોગુણનો લાલપ્રકાશ રંગ અને તમોગુણનો કૃષ્ણ પ્રકાશ રંગ હોય છે. મૂળ પ્રકૃતિ પણ ત્રિગુણાત્મિકા છે પણ તે ગુણો સામ્યાવસ્થામાં હોય છે. આત્મા પણ અજઃ છે, તે પણ અજન્મા છે પણ તે નાશવંત નથી પણ સનાતન છે.

મૂળ પ્રકૃતિને અવ્યક્ત કહે છે. તેમાંથી જ કુલ ત્રેવીસ તત્ત્વો રચાયાં છે.

(પાના નં. ૨૩ ઉપર)

### આખ્યાન રહસ્ય
# દધીચિની રૂપાંતર - વિદ્યા
પ્રકરણ - ૧૩

ગંગાતટે મહાન યજ્ઞો કરાવનારા દિવોદાસ રાજવીઓમાં પણ મહાન હતા. તેમનો પુત્ર પુરુચ્છેપ તે મંત્રદૃષ્ટા ઋષિ બની ગયો હતો.

એક વખત ગંગાતટે દિવોદાસે જ્ઞાનસત્રનું આયોજન કર્યું. અનેક મહાન ઋષિઓને આમંત્રણ મોકલ્યું. તેમાં ઋષિ દધીચિ પણ હતાં. અબોલ પણ તદ્દન નિસ્વાર્થી ઋષિ. તેમનો શરીરના રૂપાંતર બાબતનો પ્રયોગ ચાલી રહ્યો હતો અને તે તપના જાણે અંતિમ પરિણામ જોવાનો સમય આવી ગયો હતો. તેમણે તે વિગતો જ્ઞાનસત્રમાં ખાસ જણાવી જ્ઞાનસત્ર પૂરું થયું. દધીચિ પોતાના આશ્રમે પરત ફર્યા અને પોતાની સાધનામાં લયલીન બન્યાં.

એક દિવસે દેવરાજ ઈન્દ્ર સ્વયં સાભ્રમતી તટનાં દધીચિનાં આશ્રમે પધાર્યા, સાથે એક સમસ્યાના નિવારણની પણ અપેક્ષા હતી. દધીચિએ પૂછતાં જણાવ્યું કે દાનવરાજ વૃત્રાસુરે સ્વર્ગને પણ ઘેરો ઘાલ્યો છે અને તેના વધનો ઉપાય તમારા સહકાર વિના શક્ય નથી. આપે આંગિરસ સાધના કરી શરીરમાંના સાતે સાત ધાતુઓને શુદ્ધ અને દિવ્ય કર્યાં છે. સહુથી અંતે રૂપાંતર પામતું તત્ત્વ માનવીના હાડકાં, અસ્થિ છે. તેનું પણ રૂપાંતર થઈ ગયું છે. આવા રૂપાંતરિત તત્ત્વ સાથે જે અસુરરાજ વૃત્રનો સામનો કરશે તે જ યશસ્વી થશે. તેથી પૃચ્છા કરવા આવ્યો છું. આપ અમને પ્રભુકાર્યમાં મદદરૂપ કેવી રીતે થશો ?''

ઋષિ દધીચિને દધ્યંગ અથર્વણ ઋષિ પણ કહેતા. દધ્યંગ એટલે જેમના અંગમાંની જડતા, તમસ બળી ગયું છે. એવા ઋષિ (દધ + અંગ) તે અથર્વ કુળનાં હતાં તેથી 'અથર્વણ' કહેવાતા.

દધીચિ ઋષિએ વિચાર કર્યો કે જો તેમના હાડકાંમાંથી જ ઈન્દ્ર હથિયાર કરે તો વૃત્રાસુર મરે તેથી તેમણે સ્વેચ્છા મૃત્યુ સ્વીકારી ઈન્દ્રને હાડકાં આપ્યાં. ઈન્દ્રે તેમાંથી

પોતાનું વજ્ર બનાવ્યું અને તેથી લડીને વૃત્રાસુરનો વધ કર્યો.

આ કથાનો આધ્યાત્મિક અર્થ નીચે મુજબનો છે :

પ્રભુએ જે માર્ગે પોતાની ચેતનાનું રૂપાંતર જડ ભૌતિક અચેતન તત્ત્વમાં કર્યું છે. આ જ પ્રક્રિયાએ માનવી સંકલ્પબળે પોતાની ચેતનામાં ઉલટાવી શકે તો જડ ભૌતિક અચેતન તત્ત્વ પણ સચેતન બની જાય અને જે જડ અચેતનતાએ તેને આવૃત્ર કરી નાખી છે તે વૃત્રાસુરનો નાશ થાય.

ઈન્દ્ર એ આધ્યાત્મ તરફ વળેલું દિવ્ય મન છે. તેને જો આવા દેહના અંગોની સચેતન કરવાની અર્થાત્ જડતા હઠાવવાની પદ્ધતિ સમજાય જાય તો તે પોતાના સ્વરૂપમાંના તમસને - વૃત્રાસુરને મારી હઠાવી શકે છે.

ઈન્દ્રે આ જ પદ્ધતિ દધીચિ પાસેથી શીખીને વૃત્રાસુરનો નાશ કર્યો.

આ જ સિદ્ધાંત ઉપર આધારિત ગૌતમબુદ્ધની વજ્રયાન સાધના પદ્ધતિ છે જે લામા ગુરુઓ જાણે છે. વૈદિક દેવયાન પંથ પણ આ જ સિદ્ધાંત ઉપર આધારિત સાધના પદ્ધતિ છે. પતંજલિ પણ પ્રસન્નતા આપે એવી જ્યોતિનું ધ્યાન કરવા કહે છે (વિશોકા વા જ્યોતિષ્મતિ - સમાધિવાદ) ગાયત્રી મંત્ર પણ જ્યોતિ-ધ્યાનનો જ પ્રકાર છે.

આ પદ્ધતિમાં સાધક જ્યોતનું-પ્રકાશનું ધ્યાન કરતા શીખે છે અને તે પ્રકાશ જ ચેતના છે એવો ભાવ ધરી શરીરના દરેક કોષને સચેત કરતો જાય છે. આ સભાનતાનો વિસ્તાર કરવાની સાધના છે. જ્યાં સભાનતા આવે ત્યાં જડતા, તમસ નાશ પામતું જાય છે. સચેતનતા આવતી જાય છે. આને જ જાગૃતિ, હોશ, પ્રેક્ષાધ્યાન, વિપશ્યના, વર્તમાન કાળમાં રહેવું વગેરે શબ્દોથી વર્ણાવાય છે.

---

(પાના નં. ૨૧ ઉપરથી) **ઉપનિષદોનું અમૃત**

મહાન્, અહંકાર, પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચપ્રાણ, મન, પંચપ્રાણમાંથી પંચભૂતો રચાયા (કુલ ૨૩) અવ્યક્ત પ્રકૃતિ ચોવીસમી અને પુરુષ આત્મતત્ત્વ પચ્ચીસમો એમ પચ્ચીસ તત્ત્વોમાંથી આ સમગ્ર સૃષ્ટિ રચાઈ છે.

ઉપર મુજબનો યોગ કરવાથી આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. આ ઉપનિષદનાં શ્વેતાશ્વેતર ઋષિને આત્મસાક્ષાત્કાર થયો હતો.

આવી રીતે તપના ભાવથી આત્મદેવનો પ્રભાવ જાણી શકાય છે.

# ખુલ્લી સમાધિ

- શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત

હમણાં જ અમે શ્રી અરવિન્દ આશ્રમ જઈ આવ્યાં. વરસોથી આ જ ક્રમ ચાલે છે. તેમાં વળી આ વખતે તો સમાનધર્મી અભીપ્સુઓનું એક મોટું સુદર સંવાદી વૃંદ સાથે થયું. બધા જ જાણે કે આંતર બાહ્ય ભીનાં ભીનાં થઈ આવ્યાં !

શું છે આ શ્રી અરવિન્દ આશ્રમ ? શું છે આ સમાધિ ? એવું તે ત્યાં શું છે કે જ્યાં જવા અંતર ફરી ફરી પુકારતું રહે છે. મન તે તરફ વળતું-ઢળતું રહે છે અને અનાયાસ ચરણ ત્યાં જ પહોંચી જાય છે ! જાણે કે બધાં જ તીર્થ આ એક સમર્થ તીર્થમાં સમાયા ન હોય !

આમ ઉપલક દૃષ્ટિએ જોઈએ તો પોંડિચેરી શહેરના, દરિયા તરફના એક જાહેર ચોકની સડક પર, આશ્રમનું મુખ્ય મકાન આવેલું છે. નહીં કોઈ વિશાલ કલાત્મક દરવાજો. નહીં વન-ઉપવન કે પક્ષીનાં કૂજન. આશ્રમ શબ્દ સાથે સંકળાયેલી કોઈ બાહ્ય વિશેષતા ત્યાં નહીં, અને છતાં એના નમણાં દ્વારમાં પ્રવેશો કે તરત કોઈ અકલિત વાતાવરણની જીવંત ધબક તમને સ્પર્શી જાય.

પછી પૂર્વમાં દસ કદમ આગળ માંડો કે ઉત્તરે થોડે દૂર, પ્રાંગણમાં સામે જ, આરસ-મંડિત સુદીર્ઘ સમાધિ, જાણે કે આપણા રોજિંદા જીવનના માર્ગ પર અને ભૂમિના એ જ સ્તર પર રચાઈ ગયેલી કોઈ મહાયજ્ઞની પરમોજ્જવાલા યજ્ઞવેદી !

ઉપર નીલ ગગનનો ખુલ્લો ચંદરવો અને નીચે, ચાર દિશાએથી ખુલ્લી સમાધિ. એક લીલુંછમ સેવાવૃક્ષ (Serveic tree) સહસ્રશીર્ષ પુરુષની જેમ, પોતાના અનેક બાહુ પ્રસારી સમાધિ પર નમતું-ઝૂમતું રહે, અને તેની મુલાયમ છાયામાં, રંગબેરંગી પુષ્પોના અર્પણથી સદા પ્રફુલ્લપ્રદીપ્ત સમાધિને, ચોપાસથી સહસ્રજન, આશ્ચર્યમુગ્ધ નયને નીરખી રહે, યા ભાવસભર હૃદયે મસ્તક ઝૂકાવી પ્રણમી રહે. ન કો બંધન, ન કો વિધિ-વિધાન, ન કો પુરોહિત, ન કો સ્તોત્રગાન. બસ, આ સહસ્ર અંતરમાંથી જ જાણે ફોરતી ન હોય એવી ધૂપસેરની કોમલ-વિમલ

સુગંધ હવામાં પમરતી રહે. અને તમે..... ઈચ્છો કે ન ઈચ્છો, ચાહો કે ન ચાહો તો યે પ્રગાઢ શાંતિની એક નિરવર લહર તમારી ચેતનાને આછી આછી સંકોરતી રહે.

પૃથ્વીના સાતેય ખંડના માનવકુળને આકર્ષતી, સંબોધતી, પ્રેરતી આ એ જ શ્રી અરવિન્દની સમાધિ ! અને આશ્ચર્ય ન પામશો. શ્રી અરવિન્દની ચેતનામાં જ જેણે નિજી ચેતનાની અને અસ્તિત્વની પૂર્ણતા પ્રમાણી તે શ્રી માની પણ આ જ ચિરંતન સમાધિ ! અહીં આ બેનાં કોઈ જુદા જુદા ચોતરા નહીં. જુદા જુદા નામોનિશાન નહીં. કોઈ દેવાલયની માફક જુદી જુદી વંદના નહીં. બન્નેનું જેમ દર્શન એક, યોગ એક, ચેતના એક અને સિદ્ધિ એક તેમ આ સમાધિ પણ એક ને અદ્વિતીય ! સમાધિ એટલે બન્નેના પૂર્ણ અદ્વૈતનું નિરંતર સ્મરણ આપતું એક સ્થિર દ્યૂતિ કેન્દ્ર. સમાધિ એટલે અતિમનસ દર્શનનાં ગાંભીર્ય, સૌંદર્ય અને માધુર્યને અભિવ્યક્ત કરતું એક અંત વિશિષ્ટ પીઠિકા. સમાધિ એટલે જ સમાધિ.

"....... The Wonderful Fire
The Magnet of our difficult ascent........."

અનેક વાડામાં વહેંચાઈ સ્થગિત થઈ ગયેલી અને અનેક ચીલામાં વેંતરાઈ શીર્ણ-વિશીર્ણ થઈ ગયેલી, પરંતુ પ્રતિપલ ઉત્ક્રાંત થવા મથતી આપણી આ માનવચેતનાને, તેનાં મુશ્કેલ પણ નવા શિખર પર આરોહતી, અહીં છે પરમા ચુંબકીય શક્તિનો અપૂર્વ શતમંગલ અગ્નિ ! અને આશ્રમ એટલે આ ઉત્કટ તપોભૂમિનો નિરવધિ પરિસર.

કોઈપણ મંદિરના રચના કાર્યમાં પહેલાં શિખરબંધી મંદિરનું બાંધકામ તૈયાર થાય છે અને તે પૂર્ણ થતાં તેમાં પ્રતિમાની સ્થાપના કરી દેવની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવે છે. અહીં તેનાથી સાવ જુદી જ પ્રક્રિયાએ આકાર લીધો છે. આશ્રમમાં પહેલાં ઈંટ ચૂનાના મકાનો ઊભા થયાં નથી કે અંતેવાસીઓને કોઈ પ્રકારના આમંત્રણો મોકલી નોતરવામાં આવ્યા નથી. પરંતુ શ્રી અરવિન્દમાં ભાગવત ચેતના સ્વયં પ્રસ્થાપિત થતાં, તેના ચૈતસિક આંદોલનોથી આકર્ષાઈ, ધરતીને ખૂણે ખૂણેથી સેંકડો સાધકો, પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી, આશ્રમ જીવન સ્વીકારતાં થયાં, તેમ તેમ શ્રી માના અપરંપાર વાત્સલ્યથી માનવ-

જીવનને સ્પર્શતાં અનેક દિશાના અનેક વિશિષ્ટ વિશાળ કાર્યક્ષેત્રો રચાતા-ગૂંથાતા ગયાં, અને આખી માનવજાતને, તેના દિવ્ય-જીવનનો આદર્શ સાંપડી રહે તેવો આશ્રમ ત્યાં સ્વયંભૂ ખૂલતો ગયો, ખીલતો રહ્યો.

પંદરસોથી અધિક, સક્રિય સાધકોનો શ્રી અરવિન્દ આશ્રમ એ બહારથી બહારની પ્રવૃત્તિનું સફળ પરિણામ નથી. પરંતુ આત્મા જેમ પોતાનું બાહ્ય શરીર તૈયાર કરે તેમ શ્રી અરવિન્દ અને શ્રી મા ઉભયનો સચેતસ દેહવિસ્તાર, અને તેમના તપસનો તેજોવિસ્તાર, તે આ આશ્રમ છે.

જ્યાં શ્રી અરવિન્દ અને શ્રી મા જીવ્યાં, તપ્યાં અને તદ્રુપ થયાં ત્યાં જ સમાધિસ્થ પણ થયાં. આમ, સમાધિ, એક મહા ચૈત્ય કેન્દ્ર હોવા ઉપરાંત આશ્રમ તથા વિશ્વમાં ફેલાયેલા શ્રી મા તથા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રોને તથા તેમના તમામ બાળકોને સાંકળતો એક જીવંત સળંગ સેતુ પણ છે.

શ્રી અરવિન્દ અને શ્રી માનું યોગદર્શન પણ એમની આ ખુલ્લી સમાધિ જેવું જ અનન્ય અને અદ્‌ભુત છતાં ચારે પાસથી ખુલ્લું અને પ્રત્યક્ષ, કારણ કે આ દર્શન જગતને કે જીવનને તિરસ્કારતું નથી. સ્વીકારે છે, સંસ્કારે છે, રૂપાંતરિત કરે છે.

આ પ્રબુદ્ધ દર્શન, 'માનવ પ્રકૃતિ અત્યારે જે બદ્ધ અને અજ્ઞાનમય દશામાં છે તે જ બદ્ધ અને અજ્ઞાનમય અવસ્થામાં શાશ્વતી પર્યંત સડવા નિર્માયેલી છે.'' એવી જડ રચનાને કે એવા અફર નિયમને અંગીકાર કરતું નથી. પૃથ્વીને કલંકિત ગણી મૃત્યુ પછીના કોઈ અલૌકિક લોક કે સ્વર્ગમાં નિવાસ પ્રાપ્ત કરવાના કર્મકાંડમાં રાચતું નથી. એ દર્શન તો इहैव અહીંઆ જ, જ્ઞાન-અજ્ઞાનની ઉપર પ્રજ્ઞાના વિજયની શક્યતાને ખીલવવાનો અમોઘ ચેતો - વિસ્તાર રચી આપે છે, અને ભાવિની ચૈતસિક ઉત્ક્રાંતિનો માર્ગ ખોલી આપે છે.

આ યોગનું અનુશીલન બ્રાહ્મી-ગતિમાં સ્વયં પ્રકૃતિનું રૂપાંતર સાધી આપી, ચેતનાને અતિમનસના પ્રકાશ પ્રતિ ખુલ્લું કરતું, દિવ્ય-જીવનના નિર્માણનું મહાદ્વાર બની રહે છે.

અહીં જ્ઞાન, ભક્તિને ગૂંગળાવતું નથી. અહીં ભક્તિ, જ્ઞાનને ડરાવતી નથી. અહીં કર્મ, ચેતનાને ગળી જતું નથી. અહીં ચેતના, કર્મને ડૂબાડી માત્ર પોતાનું જયગાન ગાતી નથી. અહીં તો વ્યક્તિ, વિશ્વ અને વિશ્વાતીતનો; માનવ,

જગત અને પ્રભુની પરાશક્તિનો સમ-પૂર્ણ ત્રિવેણી સંગમ રચાય છે, અને જ્યાં આ ત્રણે પ્રવાહોનું મિલન થાય છે ત્યાં તે નોંખા નથી વહેતાં, ૐકારના નાદબ્રહ્મની જેમ તેમાંથી એક ચતુર્થ પરિમાણ આપોઆપ સરજાય છે, અને તે છે Life Divine દિવ્ય-જીવન એટલે જ અસ્તિત્વના અણુએ અણુમાં અને મહાકાલની ક્ષણે ક્ષણમાં અનુભવાતી ખુલ્લી સહજ-સમાધિ.

આમ, સમાધિ પોતે પરમ જાગૃતિનું જીવંત પ્રતીક બની જાય છે. તમે જે આ સમાધિને પ્રણામ કરો છો તે કોઈ મૃત અવશેષને પ્રણામ કરતા નથી, પરંતુ દિવ્ય જીવનના પ્રથમ ઉદ્ગાતાને પ્રણામ કરો છો. પરમ પુરુષ અને પરાપ્રકૃતિના નિતાંત અદ્વૈતને પ્રણામ કરો છો. જીવનને તેના પરમ માંગલ્ય તરફ દોરી જતી તત્ સવિતુઃ વરૂં રૂપં એવી જ્યોતિઃ પરસ્યને પ્રણામ કરો છો.

સમાધિ એટલે જ પરમ જાગરુકતા અને પરમ જાગરૂકતા (Supreme awarness) એટલે જ સહજ-સમાધિ.

હવે સમાધિની સમગ્ર અર્થચ્છાયા જેમ બદલાઈ જાય છે તેમ આપણી જીવન અંગેની અર્થચ્છાયા પણ પૂરી પલટાઈ જાય છે. પ્રણામ કરી તમે ઊભા થાવ છો ત્યારે તમે જે હતા તેના તે હોતા નથી. નવું કંઈક ઉમેરાય છે. તમારા જીવનની ધબકને કોઈ નવો લય મળે છે અને તમે અકલિત વાતાવરણનો સ્પર્શ અનુભવતા આશ્રમની બહાર નીકળો છો. પેલું બીજ, પેલું તત્ત્વ ધીમે ધીમે આંતરચેતનામાં ઝમતું રહે છે. જીવન એક અંધ, યાંત્રિક ઘટમાળ મટી અંતઃસ્ફુરણાનો 'સત્' પદાર્થ અનુભવાય છે.

"Life now became a sure approach to God,
Existence a divine experiment
And cosmos the soul's opprotunity."

''જીવન હવે પ્રભુ પ્રત્યેની નિશ્ચયાત્મક ગતિરૂપ બની રહ્યું.

જીવવું, જીવનની ક્રિયા પોતે જ એક દિવ્ય પ્રયોગ બની ગયો. અને સમસ્ત વિશ્વ, આત્માને (વિકાસાર્થે) મળેલી એક તક સમાન પ્રતીત થયું.''

આમ, આશ્રમના વાતાવરણનો પરિઘ આશ્રમની સીમા પૂરતો સીમિત રહેતો નથી. તમે જ્યાં જાવ છો ત્યાં એ વાતાવરણ, એ બીજ, એ તત્ત્વ તમારી સાથે ને સાથે હોય છે. તેના પ્રત્યે આપણે જેટલા સાચદિલ, વફાદાર અને ખુલ્લા તેટલું એ

તત્ત્વ આપણામાં સહજ અને સક્રિય.

માનવની સનાતન અભીપ્સાનો આ છે વેદ ભાખ્યો, ઉપનિષદ્ ઝંખ્યો, ગીતા ગાયો, અનાહત અવિરત નાદ.

असतो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्मय ।
मृत्स्योर्माऽमृतं गमय ।।

*અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.*
*ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.*
*મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈ જા.*

આ અનંતનો સાદ જેણે સાંભળ્યો તે જીવી ગયા. સંતોએ તે જીવનભર લલકાર્યો. ભક્ત કવિઓએ તે ઝીલ્યો અને મુક્ત મને પડઘાવ્યો. આ યુગમાં શ્રી અરવિન્દે તેને સ્વસાક્ષાત્કારથી પુનર્જીવિત કરી, વિકાસના એક અભિનવ આયામમાં ઊઠાવી આપ્યો.

કબીરે અનુભૂતિના આનંદની કોઈ વિરલ નિર્મળ ક્ષણે, મીઠી હલકે, ગાયું :

**સાધો સહજ - સમાધ ભલી**
**આંખ ન મુંદું, કાન રૂંધું**
**કાયા નષ્ટ ન ધારું**
**ખુલ્લે નયનમેં હંસ હંસ દેખું**
**સુંદર રૂપ તિહારું**
**સબ હી મૂરત બીચ, અમૂરત-મૂરત કે બલિહારી**
**સાધો સહજ - સમાધ ભલી**

સમાધિનો સંગ એટલે સત્‌નો સંગ અને એના જેવો સહજ - સત્સંગ પણ બીજો કયો હોય ! અને તેથી જ કદાચ સ્વયં સમાધિ જ આપણને પુનઃ પુનઃ બોલાવતી રહે છે. આ ખુલ્લી સમાધિ જ આપણને ચારે કોરથી ખુલ્લા થવા નિમંત્રતી રહે છે અને ખુલ્લા થવું એટલે આંતર - બાહ્ય આનંદથી ભીનાં ભીનાં થતાં રહેવું.

(સાભાર : સહજ સત્સંગ નવે. ૧૯૮૯)

# યોગ પર દીપ્તિઓ
-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)

પ્રકરણ - ૧૦

## અધિમનસની આવશ્યકતા

સમજૂતી – કમલેશ માંડવિયા

- વ્યક્તિતા અને અવ્યક્તિતા - સાકાર અને નિરાકાર વચ્ચેનો ભેદ અને વિરોધ અધિમનસની ચેતનામાં વાસ્તવિક છે. પૃ.૯-૧૦
- પરંતુ અતિમનસની અંદર..... અવિભાજ્ય પણ એક બની રહે છે. પૃ.૧૦
- જે માણસે અધિમનસનાં સત્યો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું નથી..... તે અતિમાનસના સત્યને પહોંચી શકતો નથી. પૃ.૧૦
- બુદ્ધિનું પાંગળું અભિમાન અતિ કડક એવો ભેદ ઉત્પન્ન કરે છે..... બીજી વસ્તુઓને તે અસત્ય કહે છે.પૃ.૧૦
- એક જ કૂદકે પોતે ઊંચામાં ઊંચા સત્યને પહોંચી જવા ઇચ્છે છે..... એવો પ્રયત્ન તો મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાયેલી, ઉદ્ધત ભૂલ જ હોય છે. પૃ.૧૦
- ચેતનાની એક સીડીનો આશ્રય લઈને આરોહણ કરવાનું છે..... એ નિસરણીના દરેક પગથિયે પોતાના પગ દૃઢતાપૂર્વક માંડવાના છે. પૃ.૧૦

સાધકને સંન્યાસની સ્થિતિ પ્રાપ્ત થતાં જ ચેતનાનાં સ્તરોમાં છુપાયેલું સત્ય ધ્યાનમાં આવવા લાગે છે. સાધક અનુભવે છે કે સત્યનો આવિર્ભાવ અનેક કક્ષાએ અને અનેક સ્તરોએ થયેલો છે. અધિમનસમાં પણ સત્યનો પૂર્ણ આવિર્ભાવ નથી. સાધક જોવે છે પરમ સત્ય, મૂળભૂત સત્ય, પણ અધિમનસની કક્ષાએ એક અલગ-અલગ સત્ય તરીકે ઊભરી આવે છે. પરમસત્યનાં જ એક-એક અલગ-અલગ પાસાંઓ રૂપી અનેક સત્યો પ્રગટ થતાં અનુભવાય છે. પરંતુ તે સત્યો સમગ્ર રીતે પૂર્ણ સત્ય નથી હોતાં, તેમાં ભેદ હોય છે.

પરંતુ ત્યાંથી પણ સાધક આગળ જાય ત્યારે અતિમનસની કક્ષાએ આ અનેક સત્યો એકરૂપ બનીને પરમ સત્ય તરીકે પ્રગટ થાય છે. ભેદ અને વિભાજન ચાલ્યા જાય છે.

શ્રી અરવિન્દ જણાવે છે જો સાધકે અધિમનસનાં સત્યો પર પ્રભુત્વ પ્રાપ્ત ન કર્યું હોય તો તેને અતિમનસ તરફ જવાનો પ્રશ્ન જ રહેતો નથી. કારણ કે સાધકને અધિમનસનાં સત્યો જ પૂર્ણ લાગે છે અથવા બુદ્ધિને પ્રાધાન્ય આપીને સાધક પોતાની રીતે સત્યની વ્યાખ્યા કરવા માંડે છે. આવી ભૂલભરેલી સત્યની ઝાંખીને કારણે સાધક એમ જ માને છે કે તે એક છલાંગ લગાવીને પરમસત્યને મેળવી લેશે. શ્રી અરવિન્દ આવા બુદ્ધિપ્રધાન અને અહંકારપ્રેરિત પ્રયત્નને તદ્દન ઉદ્ધત પ્રયત્ન કહે છે અને તેમાં સાધનાને કોઈ જ પ્રગતિકારક ગતિ મળતી નથી. ઊલટાનું અધોગતિમાં સાધક ધકેલાવા માંડે છે.

તો અધિમનસના સત્ય પર પ્રભુત્વ પ્રાપ્ત કરવું એટલે શું ? સાધકની ચેતનામાં અધિમનસ કક્ષાનાં સત્યોનો આવિર્ભાવ થાય ત્યારે તેને એક જ પરમચેતના, મા ભગવતીના અનેક આવિર્ભાવરૂપી અનેક સત્યો પ્રગટી રહ્યાં છે તે આત્મસાત કરવા જરૂરી છે. આ દિવ્યભાવનાને કારણે સાધકમાં એક વિશાળ સમજ આવે છે કે આ સત્યને પામવાની મધ્યાવસ્થા છે, હજી પણ આનાથી ઉપર પણ સત્યના, પરમસત્યના પ્રદેશો રહેલાં જ છે. વાસ્તવિકતા એ હોય છે અધિમનસ શ્રેણીનાં અનેક સત્યો સાધકને મદદરૂપ બનવા માટે જ પ્રગટ થયાં હોય છે જેથી તે સાધક તેનો યોગ પ્રવાસ હજી પણ ઊર્ધ્વત્તર કક્ષાએ, અતિમનસ કક્ષાએ લઈ જઈ શકે.

શ્રી અરવિન્દ જણાવે છે કે સત્યોની શ્રેણી છે અને ચેતનાની સીડીમાં તે કક્ષા અનુસાર ગોઠવાએલી છે. તેથી સાધકે આ ચેતનાની સીડીના દરેક પગથિયાં પર દૃઢતાપૂર્વક પોતાના પગલાં માંડવાંના છે, તેને આત્મસાત કરી ઉપરના માર્ગે પ્રવાસ કરવાનો છે. ઊર્ધ્વ સત્ય તરફ પ્રગતિ કરવાની છે.

સાથે સાથે શ્રી અરવિન્દ એક અતિ મહત્ત્વના સાધનાના પાસાં તરફ અંગુલીનિર્દેશ કરી રહ્યાં છે. પૂર્ણયોગના સાધકમાં, સામાન્ય રીતે, એવી છાપ હોય છે કે વ્યક્તિ ચેતનામાંથી સીધો કૂદકો લગાવીને અતિમનસ ચેતનામાં પહોંચી જવું.

આ એક ભૂલભરેલો અને ગેરમાર્ગે દોરતો વિચાર છે કારણ કે વ્યક્તિગત કક્ષા પછી વૈશ્વિક કક્ષાઓ પણ છે અને તેમાં વચ્ચે અધિમનસ કક્ષા છે. આ અધિમનસ કક્ષાના દેવો અને ચેતનાઓ પણ સાધકને ઊર્ધ્વારોહણ કરવા માટે જ બનાવવામાં આવેલાં છે. અધિમનસ કક્ષા છે જ નહિ અથવા તો તેની કંઈ જ જરૂર જ નથી એવા ખ્યાલ સાથે પૂર્ણયોગની સાધના કરવી તે હવામાં બાખોડીયા ભરવા જેવી વાત છે. ચેતનાની શ્રેણીમાં આવતાં સઘળાં સત્યોને સમજી, સાધનાની કડી બનાવીને એક-એક મણકા પરોવીને જેમ માળા બને છે તે જ રીતે અનેક સત્યોની ગંગોત્રીરૂપ પરમ સત્ય અતિમનસ સત્ય પ્રત્યે સાધકે પહોંચવાનું છે.

શ્રી અરવિન્દ અધિમનસ સત્યોના અને તેમાં નિહિતરીતે છુપાયેલાં અતિમનસ સત્યનું વર્ણન કરતાં ''સાવિત્રી'' મહાકાવ્યમાં જણાવે છે :

Attuning to one Truth their own right rule
Each housed the gladness of a bright degree
Alone in beauty, perfect in self kind.
An image cast by one deep truth's absolute
Married to all in happy difference. (Savitri - Pg. 326)

---

(પાના ૩૪ ઉપરથી) **સાંજના વાર્તાલાપો**

ચિત્તમાં શાંતિ - પ્રસન્નતા અને નિર્લેપતા. બીજી, વૈશ્વિક - શક્તિઓને ધારણ કરીને તે માટે વાપરવાની ક્ષમતા અને કુશળતા. આ કુશળતા બાબત જણાવશો ?

**શ્રી અરવિન્દ :** પ્રથમ તો પ્રભુ પાસે ધન કયા શુદ્ધ હેતુ માટે જરૂરી છે તેની નિખાલસ રીતે પ્રાર્થના કરવી જોઈએ અને તે મળશે જ તેવી શ્રદ્ધા રાખવી જોઈએ. તે ધન - શક્તિ પ્રભુના કાર્ય માટે જ વપરાવી જોઈએ તેવો આગ્રહ હોવો જોઈએ. ધનશક્તિ યોગ્ય આવક અને વિવેકપૂર્ણ ખર્ચની લયબદ્ધતા માગે છે, તેથી દુર્વ્યય સદંતર બંધ કરવો જોઈએ. આપણામાં ધન પ્રત્યે ટ્રસ્ટીભાવ, વિશ્વસ્તનો ભાવ જ હોવો જોઈએ. તે વૈશ્વિક - શક્તિ છે તેની ઉપર વ્યક્તિગત માલિકી શક્ય જ નથી. ઘણી વ્યક્તિઓમાં ધનને આકર્ષવાથી શક્તિ જન્મજાત હોય છે. ઘણાને ધન - શક્તિ પસંદ કરતી નથી, કારણ તેઓ ખૂબ જ બંધિયાર અને આસક્ત હોય છે.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન નવેમ્બરનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## અભય હસ્ત

સમજૂતી : કમલેશ માંડવિયા

જીવનની રાહ પર ચાલતાં-ચાલતાં આપણે કોઈક અચાનક જ વસ્તુઓનો સામનો કરતાં હોઈએ છીએ. નાટકમાંના સંવાદમાં કોઈક નવી વસ્તુ અચાનક જ ઉમેરવામાં આવે છે અને નાટકમાંના પાત્ર તરીકે આ આકસ્મિક બદલાવને ભજવવામાં આપણે ક્ષોભ અનુભવીએ છીએ. પરંતુ આ સમયે આપણે કાળના પ્રવાહને બરાબર જાણી લઈએ તો બધું જ સમુ-સૂતરું ઉતરવા માંડે છે. અન્યથા આપણે નિરાશામાં અને વમળોમાં ફસાઈને સંજોગોને દોષ આપવા માંડીએ છીએ.

આવી કપરી ક્ષણે આપણે એ જ ભૂલી જઈએ છીએ કે જે હસ્ત આ નાટકનો લેખક છે તે આપણા જેવો અજાણ અને અભાન નથી જ. તે સર્વ કાંઈ જાણનારો છે. તે સારી રીતે સમજે છે કે આપણે જે આપણામાંની અંતરતમ વસ્તુ હજી શોધી શક્યા નથી તેની યાદ સતત અપાવે છે.

આ પરિસ્થિતિમાં આપણે એ ભૂલી જઈએ છીએ કે જે કંઈ બની રહ્યું છે તે આપણને પરમ-પ્રભુની નજીક ને નજીક લઈ જવા બની રહ્યું છે, નહિ કે તેનાથી દૂર. શ્રદ્ધા રાખીએ અને દરેક વિરામ અને પડાવના સમયગાળામાં આપણું જીવન દિવ્યતા ભણી જ દોરવાતું રહે છે અને જીવન દિવ્યતાનાં ભરપૂર આશ્ચર્યોથી આપણને ચકિત કરી દે છે.

- શ્રી અંબુભાઈ પુરાણી


## પ્રભુકૃપાનું સ્વરૂપ

પ્રકરણ - ૧૫

(ખંડ-૨, પૃ.૭૫-૮૧) (તા.૬-૯-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** ગુરુની અહૈતુકી કૃપાનો અર્થ શું છે ?

**શ્રી અરવિન્દ :** અહૈતુકીનો અર્થ આપ લાયકાત વગર પણ કૃપા દર્શાવવી એવો સમજો છો ?

**શિષ્ય :** મને સ્પષ્ટ ખ્યાલ નથી પણ તે વસ્તુ ભગવાનમાંથી માનવ - ગુરુમાં ઊતરી આવેલી વાત છે એવો અંદાજ છે.

**શ્રી અરવિન્દ :** તે વાત સાચી પણ ભગવાન પણ પોતાના દિવ્ય - ડહાપણના આધારે જ નિર્ણય લઈ કૃપા કરે છે પછી તેને અહૈતુકી કેમ કહેવાય ? ભગવાન પણ તે કૃપાથી લાંબે ગાળે તેમનો તે શિષ્યના અધ્યાત્મિક વિકાસનો હેતુ સરશે એવી ગણતરી સાથે જ કૃપા કરે છે પછી શિષ્યને ભલે અજ્ઞાનને કારણે 'અહૈતુકી' લાગે.

**શિષ્ય :** તેમાં માનવી-હેતુ દેખાતો નથી એ વાત તો સાચીને ? પણ તેનો અર્થ એમ કે ગુરુમાં કાંઈ પોતાની અંગત બાજુ નથી. મારો ખ્યાલ એવો હતો કે તેમાં અંગત અને બિનઅંગત બાજુ બન્ને છે. બિનઅંગત બાજુથી તે પ્રભુના આયોજન અનુસાર જ વર્તે છે પણ ઘણી વખત અંગત બાજુથી તેમાં અપવાદ રચી શકે છે તેને જ હું અહૈતુકી કૃપા કહેવા માંગું છું. તેની અંગત બાજુ પ્રભુની દિવ્યકૃપાનો ઉપયોગ કરી જાણે છે.

**શ્રી અરવિન્દ :** ગુરુમાં માનવી-પ્રકૃતિ હોય તો કદાચ તેની માનસિક, પ્રાણિક પસંદગીઓ ભાગ ભજવતી હશે. પણ તેથી પ્રભુના હેતુને તે નિષ્ફળ બનાવે છે.

**શિષ્ય :** તો પછી ભગવાનનાં પતિતપાવન, અધમોદ્ધારણ વગેરે વિશેષણોને કોઈ અર્થ નથી.

**શ્રી અરવિન્દ :** ભગવાન અધમો પ્રત્યે પક્ષપાત શા માટે દર્શાવે અને ઉત્તમો

પ્રત્યે કડકાઈ શા માટે દર્શાવે ? તે ખ્રિશ્ચિન વિચારે છે કે જેમ જેમ ઉત્તમ સાધક ઉપર અન્યાય થાય તેમ તેમ તે પ્રભુને વધારે પ્યારો થાય.

**શિષ્ય :** પછી અંગત કૃપા જેવું કાંઈ નથી ?

**શ્રી અરવિન્દ :** જ્યાં સત્યના અવતરણ માટે અપ્રગટ ભૂમિકા બંધાએલી હોય તો ત્યાં પ્રભુની કૃપા તે ભૂમિકાને ખીલવવા કૃપા કરે છે. તેને માટે જરૂરી સંજોગો ગોઠવે છે. તેમાં તે માધ્યમ તરીકે ગુરુનો ઉપયોગ કરી લે છે. સાથે સાથે તે ભૂમિકાને વાસ્તવિક કરવાની તે વ્યક્તિની મનોમય, પ્રાણમય તૈયારી પણ હોવી જોઈએ. તેમાં પુરુષાર્થ અને પ્રયત્નની પણ અપેક્ષા છે જ.

**શિષ્ય :** તો પૂર્વ નિયતિ જેવું નથી એમ ને ?

**શ્રી અરવિન્દ :** પ્રભુની ચેતનામાં નિયતિ અને પુરુષાર્થ બન્નેનો સમન્વય હોય છે. તે અલગ અને વિરોધી વસ્તુ નથી. પ્રભુની ચેતનામાં જે નિયતિ લાગે છે તે શિષ્યને પોતાનો પ્રાપ્ત કરવાનો આદર્શ તરીકે અનુભવાય છે. ગીતા એ જ કહે છે ભીષ્મ, દ્રોણનો નાશ એ નિયતિ પણ છે અને અર્જુનના પ્રયત્નોનું ફળ પણ. આપણા યોગમાં પણ ઉચ્ચતર શક્તિને કાર્ય કરવા સાધકની સંમતિની આવશ્યકતા માન્ય કરીએ છીએ.

**શિષ્ય :** સમર્પણનું આને કારણે જ મહત્ત્વ લાગે છે ?

**શ્રી અરવિન્દ :** તે અનેક શરતો પૈકીની એક છે.

**શિષ્ય :** સમર્પણના કારણે રામકૃષ્ણના શિષ્યો પૈકી વિવેકાનંદને વધારેમાં વધારે ફાયદો થયો તે શું સાચું નથી ?

**શ્રી અરવિન્દ :** બાહ્ય સફળતા અને સારી અભિવ્યક્તિ એ આધ્યાત્મિક પ્રગતિનો માપદંડ ન હોઈ શકે. ઘણી વખત બાહ્ય સફળતા જ આધ્યાત્મિક પ્રગતિને અવરોધક બની જાય છે. બાહ્ય સફળતાની દૃષ્ટિએ મારી વડોદરાની નોકરી ટકાવી રાખવી સલામતભર્યું હોત, નહીં ?

**શિષ્ય :** તો પણ બીજરૂપ શક્યતાઓ તો તમારામાં હોત જ.

**શ્રી અરવિન્દ :** પણ બીજરૂપ જ બની રહેત, નોકરી છોડ્યા બાદની રાજકારણમાંની શક્તિ એ પણ યોગ-શક્તિ જ હતી, જે ખીલવા માંડેલી.

**શિષ્ય :** બાહ્ય સફળતા માટે ધન મેળવવાની આપે બે શરતો જણાવી છે. એક,

(પાના ૩૧ ઉપર)

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિ સમાજ પૃ.૧૯ - ૨૮)

## ભાવિ-સમાજનાં લક્ષણો

**અવતરણો - પ્રકરણ - ૩**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(ગતાંકથી ચાલુ)**

### બીજું સત્ય : સ્વતંત્રતા

દરેક માનવમાં તેના આંતરિક નિયમાનુસાર આત્મ-વિકાસ ચાલી રહ્યો છે અને જેમ જેમ તે વિકાસ સધાશે તેમ તેમ તેની આંતરિક સ્વતંત્રતા પણ વધતી જશે. જ્યાં સુધી તેણે પોતાની વિકાસની દિશા આત્માભિમુખ કરી નથી ત્યાં સુધી બાહ્ય દબાણ ચાલુ રહેશે અને વિકાસ સાથે તે હળવું કરી દેવામાં આવશે. બાહ્ય દબાણ કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, રાજ્ય, સમાજ દ્વારા લાવવામાં આવશે અને તે એકસામટા પણ લાવવામાં આવશે અથવા ઓછાવત્તા ઘટકો દ્વારા લાવવામાં આવશે. ખરેખર આત્મતત્ત્વ પોતાની અદિવ્ય-પ્રકૃતિને પોતાના પ્રભાવમાં લાવવા માટે જ આ દબાણો નિર્માણ કરતું હોય છે. તે અપરા પ્રકૃતિ આત્માનું પ્રકાશમય સાધન બની જતાં જ આ દબાણો હટાવી લેવામાં આવે છે. તેથી આંતરિક દિવ્યતાની અધિનતા એ સાચી સ્વતંત્રતાની મૂળભૂત શરત હશે. આવી પ્રકાશમય પ્રકૃતિ જ આત્મતત્ત્વની ભાગીદાર બને છે એ અર્ધ નારી નટેશ્વરનું રહસ્ય છે. તેમાં પ્રકૃતિ અનુભવે છે કે આત્મતત્ત્વ સાથેની એકરૂપતા જ તેનું ઉત્તમોત્તમ શુદ્ધ અને દિવ્ય સ્વરૂપ છે. અહીં જ પ્રકૃતિ પોતાની પૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. આવી સ્વતંત્રતામાં જ સાચો વિકાસ થતો હોય છે.

જ્યારે સાચો આધ્યાત્મિક યુગ આવશે ત્યારે આ સત્ય બધાંને જ સમજાઈ જશે. પછી બાહ્ય યંત્રો કે સંસ્થા કે નિયમો દ્વારા માનવને ઘડવાનો પ્રયત્ન નહિ થાય પણ દરેકને પોતામાં થઈ રહેલ આંતરિક દબાણ અને માગણી બાબત સભાન કરીને

જ તેને કેળવવામાં આવશે. આ સભાનતા લાવવા સમાજની અન્ય આધ્યાત્મિક વ્યક્તિ પણ પ્રયત્ન કરશે.

આધ્યાત્મિક સમાજમાં આ રીતે આંતરિક નિયમોનુસાર માનવ વર્તશે અને આ દરેક વ્યક્તિના નિયમો અંતે તો આત્મતત્ત્વની અભિવ્યક્તિના જ નિયમો હોવાથી તે એકબીજા સાથે સુસંવાદમાં જ રહેશે. તેમની માગણીઓમાં અલગ હિતો કે હેતુઓ નહિં હોય કારણ તેઓ બધાં અહંકારથી પર હશે. બધાં જ દિવ્ય-પ્રકૃતિનાં નિયમોનું સ્વૈચ્છિક પાલન કરતાં હશે.

## ત્રીજું સત્ય : એકતા

પણ આનો અર્થ એમ નથી કે બધી વ્યક્તિઓ પોતપોતાની રીતે જ વર્તશે અને સમાજ જેવું કાંઈ રહેશે જ નહિ. કારણ જગતમાંનું ત્રીજું સત્ય છે એકતા. તે હવે સક્રિય બનશે. પૂર્ણ સ્વતંત્રતા જ પૂર્ણ જીવન ખીલવશે અને આવા પૂર્ણ જીવનમાં અન્યમાં પણ પ્રભુનાં દર્શન થવા માંડે છે. બધાંમાં એક જ પરમ-તત્ત્વ પ્રકટ થતું તેને દેખાશે. તેથી તે આત્માની આંતરિક એકતાથી તે અન્ય વ્યક્તિઓ સાથે પણ જોડાઈ જશે. પૂર્ણ સ્વતંત્રતા અને પૂર્ણ એકતા વિરોધી નથી, પણ એક જ આત્મતત્ત્વની અભિવ્યક્તિઓ છે અને પૂર્ણ જીવનનાં લક્ષણો છે. તેથી બીજાને સ્વતંત્રતા અને પૂર્ણતા પ્રાપ્ત થાય માટે તે વ્યક્તિ કાર્ય કરશે.

જો દરેકમાંનો પ્રભુ અલગ-અલગ હોત તો તે એક અહંકારનું જ વધારે શક્તિશાળી રૂપ બની જાત. તે ગેથેના જેવો કે નિત્સેના સુપરમેન જેવો અત્યાચારી, વિકરાળ અહંકાર જ બની જાત અથવા કોઈ સંન્યાસીનો એકલવાયો આત્મસાક્ષાત્કાર જ બની જાત.સર્વમાં રહેલ પ્રભુ, વ્યક્તિને અન્યની સેવા પ્રેમ અને નમ્રતાથી કરતા શીખવે છે. બધા દ્વારા પોતે જ આવિર્ભાવ પામી રહ્યો છે આવી અનુભૂતિ જ તેને વિશ્વરૂપ દર્શન કરાવશે. વિશ્વમાં વસેલા પરમાત્મા ખાતર તે જીવતો હશે.

આ રીતે પ્રભુનો સાક્ષાત્કાર, સ્વતંત્રતા અને એકતાના આ ત્રિવિધ સાક્ષાત્કારોને તે પ્રાપ્ત કરશે ત્યારે જ તે આધ્યાત્મિક સમાજનો સાચો અને પૂર્ણ નાગરિક બનેલો હશે. આવી વ્યક્તિઓની વિપુલતા જ માનવી-વિકાસચક્રને અત્યુચ્ચ કક્ષાએ લઈ જશે.

# સાચી શ્રદ્ધાંજલિ

- માનસિંહ ચાવડા

## (શ્રી અરવિન્દ નિર્વાણ દિન નિમિત્તે)

શ્રી અરવિન્દ ઉત્ક્રાંતિના આગામી તબક્કાની સમજણ આપવા આવ્યા હતા. તે તબક્કામાં પ્રવેશવાનો સાધના-માર્ગ પણ તેમણે કંડારી આપ્યો અને પોતે તે મુજબની સાધના કરીને પોતાના શરીરમાં ભૌતિક મનનું રૂપાંતર દ્યુતિમનસમાં કરી તેની દ્વારા અતિમનસને શરીરમાં ધારણ પણ કરી બતાવ્યું. અતિમનસ જગત નિર્માણ કરવું એ ઉત્ક્રાંતિનો આગામી તબક્કો છે, વેદોમાં તેને વિજ્ઞાનમય લોક કહ્યો છે. વિજ્ઞાનમય ચેતનામાં વ્યક્તિ જન્મથી જ તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવતા શીખે છે. આંતરિક રીતે પ્રભુ સાથે એકરૂપ હોય છે અને પોતાના શરીરનાં કોષેકોષમાં પ્રભુની હાજરી અને પ્રકાશ અનુભવે છે. શરીર પ્રભુના આવિર્ભાવ માટેની પૂર્ણ ક્ષમતા વિકસાવે છે, તેથી તેને ત્યાગવાની જરૂર રહેતી નથી. તે આંતરબાહ્ય નમનીયતા અને દિવ્યતા ધારણ કરે છે.

તાદાત્મ્ય દ્વારા જ્ઞાનમાં ભૌતિક ઇન્દ્રિયોનું મહત્ત્વ ઘટી જાય છે. આત્મતત્ત્વ પોતાની બધી ક્ષમતાઓ અનિર્બંધરીતે પ્રગટ કરવાની શરૂઆત કરે છે. બુદ્ધિ, મન, ચિત્ત તેના વફાદાર કરણો બની જાય છે.

જીવનમાંની સમસ્યાઓનું સાચું મૂલગામી કારણ તે જાણી લે છે અને તેનો કાયમી નિકાલ પણ કરી જાણે છે.

પ્રભુના સંકલ્પથી જીવન શાસિત થાય છે અને તેથી પ્રભુનો નિજાનંદ પ્રગટ થવા શરૂઆત કરે છે.

શ્રી અરવિન્દના આ વાસ્તવિક કાર્યને આપણે પચાવી શક્યા નહિ અને તેથી મંદ પડતા કાર્યને વેગ આપવા શ્રી અરવિન્દે દેહત્યાગનો નિર્ણય લીધો. સૂક્ષ્મ પાર્થિવ દેહમાં તેમનું કાર્ય તેઓ મુક્ત રીતે કરી શકે છે.

લોકો ન માને છતાં તેમનું આત્મ બલિદાન ભવ્ય છે. જેઓ માનવજાતિને ઉત્ક્રાંતિના માર્ગે આગળ ધપાવવા માટે અને ભારતની ભાવિ નિયતિ તરફ લઈ જવા માટે કાર્ય કરી રહ્યાં છે તેમને માટે તેઓ જીવંત સંન્નિધિ છે.નક્કર વાસ્તવિકતા છે. અતિમનસ જગતની રચના માટે સાધનામાં એકાગ્ર રહેવું એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## સાચો મિત્ર કોને કહેવાય ?

પ્રકરણ - ૧૫

(Lights for students - P. 93-95)

૧ સાચો મિત્ર એ છે જે તમારામાંના શ્રેષ્ઠતમ ભાગને ચાહે છે. તમારો શ્રેષ્ઠ દિવ્યભાગ એટલે તમારો ચૈત્યપુરુષ અર્થાત્ તમારી સાથે ચૈતસિક પ્રેમ ધરાવનાર જ તમારો સાચો મિત્ર છે. પૃ.૯૩

૨ જે તમારી ચેતનાને અધોગામી બનાવે એ તમારો ઉત્તમ મિત્ર નથી. ને તમારી ચેતનાને ઊર્ધ્વગામી બનાવે તે જ તમારો સાચો મિત્ર. પૃ.૯૩

૩ ચેપીરોગ કરતાં ચેપી ખોટી સોબતો વધારે નુકસાન કરે છે. તે તમારા આત્માને માંદો પાડી નાંખે છે. પૃ.૯૪

૪ તમારા કરતાં વધારે ડાહ્યો હોય તેની દોસ્તી કરો. પૃ.૯૪

૫ સહુથી સારા મિત્ર પ્રભુ પોતે જ છે. તેમને મિત્ર બનાવો. પૃ.૯૪

૬ જે તમારી જરૂરિયાત વખતે તમારી પડખે રહે તે જ સાચો મિત્ર. પૃ.૯૫

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૨૯-૧૩૮)

અવતરણો પ્રકરણ - ૨૧

## શરીરની ચેતના દ્વારા રોગ - નિવારણ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 A body left to its natural spontaneity has an urge, an aspiration, ..... a will to call for help the divine for progress..... It is as though the cells themselves sprang up in an aspiration, a call. P.129

2 How can one prevent the mind from interfering ? You must quiet it..... make it be silent..... The body carries within itself the certitude of cure. P.131

3 The body carries within itself the sense of its divinity. P.131

4 Take the coughing..... the first vibration: an irritation that draws your attention..... so with that vibration, awakening of the attention in the surrounding..... consciousness (of the throat cells) then refusal to accept the cough. The attention is focused..... These are several possible factors.... one is anxiety..... there is apprehension at what is going to happen, another is a will that nothing should be disturbed by the irritation.... (then) the faith that the Force is capable of restoring order (All) it is vibrations. P.133

5 If it is directly tuned into the Divine..... in a few minutes the aliment absolutely disappears. P.134

6 (The process of disappearance) It is very interesting..... The first thing..... not to think of the aliment..... When (the mind) it was occupied with something else, it subsided..... If someone comes..... who knows you are ailing it comes back ? as soon as it the mind concentrates on the Divine, it disappears... P.135

7 The cure for all physical disorders lies in the cells becoming convinced..... that they are an expression of the Divine. P.136

8 All illnesses are the result of doubt in the cells or certain group of cells. P.136

9 What is most effective is the method for which he has been..... prepared. P.136

10 This turer and deeper reality (of cells being expressions of Divinity) is what governs its (the body's) destiny. P.136

11 Three steps to heal all disorders :- First point : do not dwell on the pain..... second Point : You can bring into yourself a certain peace of any kind. Then..... if you can draw the peace into yourself..... bring it down into the solar plexus..... and from there direct it very calmly, very slowly, very persistently to words the place where the pain is if by aspiration. I can bring into the cells..... the consciousness of that sole Reality, all disorder must - cease. P.137-138

શરીરનો ચૈત્યપુરુષ સાથેનો સંપર્ક જાણે શરીરમાં નવું જોમ પૂરે છે. તેનો મૂળભૂત સ્વભાવ પ્રગટ થવા લાગે છે. તેમાં અભીપ્સા પ્રગટ થાય છે. નિરામય રહેવાની, સંવાદપૂર્ણ રહેવાની. દિવ્ય-ચેતનાને પ્રગટ કરવાની. આ તેની અભીપ્સા એ જ તેમાં રહેલ પ્રભુનો સંકલ્પ છે. તે શરીરનું સત્ય છે અને તે અનુસાર જીવવું એ શરીરનો સ્વધર્મ છે.

આપણે જ્યારે શરીર અભીપ્સા સેવતું થાય છે એમ કહીએ છીએ ત્યારે ખરેખર તો શરીરનાં બધા કોષો એક રાગે, તે અભીપ્સા સેવતા હોય છે. જ્યારે બધા જ કોષો સામૂહિક રીતે એક જ અભીપ્સા સતત સેવતા થાય છે ત્યારે સમગ્ર શરીર તેવી અભીપ્સા સેવી રહ્યું છે એમ આપણે જણાવીએ છીએ.

શરીરમાં તો વિપુલ ખજાનો ઘરબાઈને પડેલો છે. શરીરનાં બધાં જ કોષોમાં નિરામય જીવન જીવવાની ક્ષમતા છે. શરીરનો વિકાસ કરાવવાની અભીપ્સા છે. વિકાસ એટલે શારીરિક વિકાસની વાત નથી પણ દિવ્ય-ચેતનાને વધારે ને વધારે સુંદરતાપૂર્વક, પૂર્ણતા સાથે, કાયમી સ્વરૂપે પ્રગટ કરવાની ક્ષમતામાં વધારો કરતા જવાની તે અભીપ્સા છે.

તેથી શરીરને તેની રીતે જ વર્તવાની તથા નિર્ણય લેવાની છૂટ આપવામાં આવે તો તે બધી વસ્તુઓને બરાબર યોગ્ય રીતે ગોઠવી સંવાદ રચી આપે છે. પણ આપણા મન, બુદ્ધિને શરીરની આ ક્ષમતા બાબત શંકા છે. તેથી તે તેમાં વિનાકારણ હસ્તક્ષેપ કરતું હોય છે. મનની આ દખલગીરી બંધ પાડવી જરૂરી છે. તે માટે શું કરવાની જરૂર છે ? પહેલું પગલું હશે - મનની દખલગીરી તરફ જરાપણ ધ્યાન ન આપો. મનને દખલગીરી કરતા અટકાવો. તેને શાંત, સ્થિર અને સાક્ષીભાવે રહેતા શીખવો. શરીરમાં પોતાનું આરોગ્ય જાળવવાની કળા છે તેથી બીજું પગલું ગણાશે કે શરીરની આ નૈસર્ગિક ક્ષમતામાં વિશ્વાસ કેળવો. શરીરને તેની ક્ષમતામાં વિશ્વાસ રાખવા આત્મ-સૂચનો દ્વારા તૈયાર કરો.

શરીરમાં દિવ્ય-ચેતનાનો વાસ છે જ. પણ શરીર જાણતું નથી, તેથી તેને પોતાની દિવ્યતા બાબત સભાન બનાવો. આ સભાનતા ફક્ત શરીરના ઉપલા સ્તરે જ જાળવવી નથી, પણ ઠેઠ કોષોમાં પણ તેને સ્થાયી કરવી પડે છે. તેથી કોષો પોતે આત્મવિશ્વાસથી ખીલી ઊઠે છે. તેને કારણે શરીરને પોતાની રોગ-નિવારણ ક્ષમતા અને નિરામય રહેવાની ક્ષમતામાં ફરી શ્રદ્ધા જાગે છે. તેની શંકાકુશંકાએ રચેલી બધી જ મર્યાદાઓ ભાંગી પડે છે.

માતાજી જણાવે છે કે આ બધી પ્રક્રિયા આંદોલનો દ્વારા પાર પાડવામાં આવે છે. જો આપણે આ પ્રક્રિયા દરમિયાન સભાન રહેશું તો તેના નિશ્ચિત તબક્કા પણ તમે જાણી શકશો. દા.ત. સમજો, તમને ઉધરસ થઈ છે. જો તમે સભાન હશો તો આ સમગ્ર પ્રક્રિયાના નીચેના તબક્કા તમે સ્પષ્ટ રીતે સમજી શકશો : (૧) પ્રથમ ગળામાં એક આંદોલન જાગી ત્યાં ઉધરસ ખાવાનાં સંવેદનો જગાડવામાં આવે છે જે ગળામાં ખીચખીચનાં સંવેદનો સ્વરૂપ હોય છે. (૨) તેને કારણે ગળામાંના અને તેની આસપાસનાં કોષોનું તે સંવેદનો તરફ ધ્યાન ખેંચાઈ તે ત્યાં જ સ્થિર થઈ જાય છે. (૩) કોષો નૈસર્ગિક રીતે તે ખીચખીચના સંવેદનોનો વિરોધ કરતા અનુભવાય છે. જાણે ઉધરસ ખાવાની ના પાડે છે. (૪) આને કારણે વિવિધ ઘટનાઓ જન્મે છે જે પણ આંદોલનોનો જ પરિણામ હોય છે. દા.ત. ચિંતા જન્મે છે જે આપણે ઉધરસ અટકાવી શકશું કે નહિ તે બાબતની હોય છે, બીજી બાજુ કોષો એવો નિર્ણય લે છે કે કોઈપણ હિસાબે ઉધરસ તો ખાવી જ નથી. (૫) થોડીવાર આ બન્ને પ્રેરણાઓ એકબીજાને દબાવી દેવા સંઘર્ષ ખેલે છે. (૬) અંતે, વ્યક્તિ ઉધરસ ખાય છે અથવા તેના કોષોનો નિર્ણય વિજયી બની તે પેલી ખીચખીચના સંવેદનોને દબાવી દે છે.

માતાજી જણાવે છે કે આ સમગ્ર આંદોલનોની પ્રક્રિયા ચાલતી હોય છે ત્યારે યશસ્વી થવા માટે આપણી ચેતના દિવ્ય-ચેતનાના સંપર્કમાં હશે તો તરત વિજય મળી જશે. પણ તે વિખૂટી પડી ગએલી હશે તો સમગ્ર વસ્તુ કોષોની નિયંત્રણ બહાર જશે. સત્ય-ચેતનામાં જીવવા જેવો વિશ્વાસપાત્ર ઉપાય કોઈ નથી.

દિવ્ય - ચેતના સાથે સંપર્કમાં આવવાનો અભ્યાસ હોવો જરૂરી છે. તે એકદમ સફળ થતો નથી. જ્યારે આવો રોગ નિવારણનો પ્રશ્ન નિર્માણ થાય છે ત્યારે નીચેના તબક્કા મુજબ કાર્ય કરવાની ટેવ પાડશો તો દિવ્ય-ચેતનાનો સંપર્ક સાધી શકશોઃ (૧) દુઃખનાં સંવેદનો તરફ જરાપણ ધ્યાન ન આપો. તે માટે જરૂર પડે તો

તમારું ધ્યાન પ્રથમ કોઈ અન્ય વસ્તુ તરફ વાળો. તેથી તે સંવેદનોની તીવ્રતા ઘટવા માંડશે. (૨) પરંતુ તે દરમિયાન તમને તકલીફ છે તેવું જાણનાર વ્યક્તિ આવી હમદર્દી બતાડશે તો ફરી દુઃખદાયક સંવેદનો જોર પકડતાં દેખાય છે. કારણ સામેની વ્યક્તિએ તે ઘટના સ્વીકારી લઈને તેવા સૂચનો તમારી તરફ વહેતા મૂકેલાં હોય છે. (૩) દુઃખ-મુક્તિ તમને દિવ્ય-ચેતના ઉપર એકાગ્ર થવામાં મદદરૂપ બનશે. આ એકાગ્રતા કરવા શરૂઆતમાં સંઘર્ષ કરવો પડે છે, પણ અભ્યાસથી તે સંઘર્ષ જતો રહીને સહજ આત્મસમર્પણભાવ જન્મે છે અને તમે અસીમ દિવ્ય પ્રકાશમય ચેતના સાથે સહજ રીતે એકરૂપતા સાધી શકો છો. (૪) આ સંપર્ક સધાતા જ કોષોમાં દિવ્યતા બાબતની જન્મજાત શ્રદ્ધા પ્રગટ થાય છે અને તેઓ આરોગ્ય ટકાવવું અને રોગનિવારણનું કાર્ય હાથ ધરે છે. (૫) વધારે સમય સત્ય ચેતનામાં રહેવાથી કોષો સમયસર પોતાનું કાર્ય પૂરું કરી બતાડે છે. બધા જ રોગો ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે કોષો સત્ય-ચેતનાનો સંપર્ક ગુમાવી પોતાની રોગ-નિવારણની ક્ષમતા બાબત શંકા સેવતા થાય છે. પોતે દિવ્ય-ચેતનાના આવિર્ભાવ સ્વરૂપ છે એ કોષોએ ભૂલવું એટલે રોગને આમંત્રણ આપવા જેવું છે.

કોષોમાં ફરી શ્રદ્ધા જગાવવાની અનેક પદ્ધતિઓ છે પણ જે વ્યક્તિને જે પદ્ધતિ અનુકૂળ લાગતી હોય તેને તે પદ્ધતિ જ જલદી યશ અપાવે છે. દરેક પદ્ધતિનો અંતિમ ઉદ્દેશ એક જ છે - કોષોને પોતાની રોગનિવારણ ક્ષમતા બાબત સભાન કરવા. શરીર અને કોષોમાં જો વિશ્વાસ બેસી જાય કે તેમના માટે પ્રભુએ જે સંકલ્પ સેવ્યો છે તે જ તેની નિયતિ છે, તેની સિવાય બીજી નિયતિ નથી, તેથી પ્રભુની હાજરીસ્વરૂપ સત્યમાં જ જીવન ધારણ કરી રાખવું આ જ સર્વોત્તમ ઉપાય છે. કોષોને આ વસ્તુ સ્વયંસૂચનથી મનને નાના બાળકોની જેમ સમજાવવા પડે છે તે માટેની પદ્ધતિના નીચે મુજબનાં તબક્કા છે : (૧) દુઃખનાં સંવેદનો તરફ જરાપણ ધ્યાન ન આપવું. (૨) શાંતિનું સમગ્ર શરીર અને કોષોમાં અવતરણ કરાવવું (૩) તે શાંતિને સંકલ્પ બળે સૂર્યકેન્દ્ર (હૃદયમાં) લાવી સ્થિર કરવી. (૪) શાંતિથી, ધીમેધીમે પણ સતત તે શાંતિને યાતના ભોગવતા ભાગ ઉપર લઈ જઈ કેન્દ્રિત કરવી. (૫) પ્રકાશ સ્વરૂપ દિવ્ય-ચેતના તે શાંતિ દ્વારા તે ભાગ ઉપર કાર્ય કરી રહી છે એવું મનની આંખોથી કલ્પવું (જેને માતાજી મનોમય ઘડતર કહે છે) (૬) તે દિવ્ય-ચેતના યશસ્વી થઈ રહી છે એવી ભાવના કરવી. આ રીતે રોગ-નિવારણ કરી શકાય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૦ - ૪૨) - પ્રકરણ-૧૪

## જિજ્ઞાસાને સ્વવિકાસથી સંતોષો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**આજકાલનાં અનેક વિતંડાવાદીઓની પેઠે વિચારને તમે મોટા મોટા શબ્દો હેઠળ ગૂંગળાવી ન નાખશો અથવા તો જ્ઞાનસૂત્રો કે ધર્મવાક્યોની મોહિની હેઠળ જિજ્ઞાસાને ઊંઘાડી ન દેશો. તમારી શોધ હંમેશાં ચાલુ રાખો. જે વસ્તુઓ ઉતાવળી દૃષ્ટિને માત્ર અકસ્માત કે ભ્રમ જેવી લાગતી હોય છે તેનું કારણ શોધી કાઢો. (૧૪)**

* * *

''માતાજી, વસ્તુઓનું કારણ કેવી રીતે શોધી કઢાય? શું મનથી તે કરી શકાય?''

''બેટા, મન કોઈ એક જ વસ્તુ નથી. તેના અનેક સ્તરો છે - સ્થૂળમન, સૂક્ષ્મમન, પ્રાણમયમન, મનોમયમન, ઊર્ધ્વમન, પ્રકાશમયમન, આંતરપ્રેરણાત્મકમન અને અધિમનસ. આ તેના એકથી એક ઉચ્ચ અને વધારે શુદ્ધ, વિશ્વનીય સ્તરો છે. સ્થૂળ મન વધારે ભૂલભરેલું, નબળી સમજણ-શક્તિવાળું છે પણ ઉપરના સ્તરે તે વધારે સમજણવાળું અને સત્યદર્શન કરનારું બનતું જાય છે. અતિમનસમાંની સત્યદર્શક પ્રજ્ઞા-શક્તિનો પ્રકાશ મનમાં ઉપરના પ્રદેશમાંથી પ્રવેશી ઠેઠ નીચે સુધી આવ્યો છે. પણ તે નિમ્ન સ્તરે મલિનતાના કારણે પાછળ રહીને કામ કરે છે,

અગ્રભાગે પ્રગટ થઈને કામ કરી શકતો નથી.

આ ભૂમિકાઓ એકબીજા ઉપર અસર પાડે છે. સહુથી નીચેની ભૂમિકા વ્યવહારુ બુદ્ધિની છે. તે ભૌતિક જીવનને જ મહત્ત્વ આપે છે અને તેમાં મદદરૂપ ન થતી વસ્તુઓને નકામી ગણે છે. આવા લોકો ઊર્ધ્વ-જગતના સત્યોને મનોમય કલ્પનામાં ખપાવી દે છે અને આપણે વાસ્તવિક નક્કર જગતમાં જ રહેવું જોઈએ એવા વિચારો વિજ્ઞાનના ઓઠા નીચે ફેલાવે છે. આ જ તેમનાં ''મોટા મોટા શબ્દો'' છે જે સામાન્ય માનવમાં લઘુગ્રંથી પેદા કરીને તેમને ગૂંગળાવે છે.

બીજી બાજુ ધર્મો છે તે તમારી જિજ્ઞાસા ઉપર તેમના કોઈ મહાપુરુષના વચનો ટાંકી તેને જ શ્રદ્ધાથી સ્વીકારી લઈ આવા કુતર્ક ન કરવાની ચેતવણી આપે છે અને તમારી જિજ્ઞાસાને ઠારી દે છે.

આ બન્ને પ્રયોગો ખોટા જ છે. તમારી સત્યની શોધ તમે ચાલુ રાખવી જોઈએ અને કોઈપણ વસ્તુને ઉતાવળે ભ્રમ કે અકસ્માતમાં ખપાવી તેની જિજ્ઞાસાનો નાશ ન કરવો જોઈએ. તો કરવું શું ? તેનો ઉપાય છે - આપણે સાધના અને તપ દ્વારા પોતાના મનનાં ઊર્ધ્વ સ્તરોએ આરોહણ કરી તે ક્ષમતાઓને આ કાર્યમાં વાપરવી જોઈએ. આ નવી ક્ષમતાઓને કારણે તમારા અનુભવનાં ક્ષેત્રો સૂક્ષ્મ જગતમાં પણ વિસ્તરે છે. તેથી તે ઘટનાનાં સૂક્ષ્મ જગતમાંનાં મૂળિયાં તમને એક દિવસ જરૂર સમજાશે અને તમારી પ્રકાશમય બુદ્ધિ તેનું સાચું કારણ સમજીને તેનું વિશ્વસનીય સ્પષ્ટીકરણ પણ આપશે.

જગતની નાનામાં નાની પ્રક્રિયાનું આયોજન સહેતુક હોય છે. અકસ્માત જેવી વસ્તુ નથી. તે બધાંનું આયોજન પ્રભુના સંકલ્પના આધારે થએલું હોય છે. તેથી તેનો જવાબ વહેલો કે મોડો મળવાની પૂરેપૂરી શક્યતા છે. આપણો પ્રયત્ન સાચા માર્ગે હોવો જરૂરી છે. વિતંડાવાદી કે ધાર્મિક અંધશ્રદ્ધાળુઓ તેને સંતોષી શકવાના નથી.

# વેદનું રહસ્ય - શ્રી અરવિન્દ

## આધુનિક - સિદ્ધાંતો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૫૯-૬૮)

પ્રકરણ -૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકનું ચાલુ)

ઉપરની બધી જ સંસ્કૃતિઓમાં મહાન આંતરિક-સાધના માટે પૂરતી જોગવાઈ હતી અને તે સંસ્કૃતિ સાથે સુસંગત પણ હતી. કેલ્ટિકોનું રહસ્યવાદી આંતરદર્શના, ચિંતનો, ગ્રીસનાં હેલેનિક પદ્ધતિઓ અને ઓર્ફિક અને એલ્યુસિનિયસ ગૂઢવાદની અસરો, સૂક્ષ્મ માનસશાસ્ત્રીય સૂચનોથી ભરપૂર ગ્રીક પુરાણો, બધાં જ ઉચ્ચ આધ્યાત્મિક ચેતનાના પુરાવા છે. હવે જો આ બધાં પરિણામો વૈદિક ઋષિઓનાં વિચારોની પ્રભાવના છે એવું સિદ્ધ થાય તો ?

સારાંશ, ભારતીય વેદો એક ગહન પ્રાગૈતિહાસિક વિકાસની અભિવ્યક્તિ છે એ નિશ્ચિત.

૬. વૈદિક ઋષિઓએ ઉષા, સૂર્ય, ચંદ્રની અદ્‌ભુત ઘટનાઓને આશ્ચર્યયુક્ત અહોભાવથી સ્વીકારી તેના અંધશ્રદ્ધાભર્યા સ્પષ્ટીકરણો આપ્યાં છે એવું આ વિદ્વાનો માને છે. અને તે જ તેમનો ધર્મ છે. આમાંથી જ પછી ગ્રીક અને ભારતીય ઋષિઓના ગહન સિદ્ધાંતોએ જન્મ લીધો એમ તેમનું કહેવું છે. સારાંશ, તેમના મતે જંગલી માનવો અને પ્લેટો, ઋષિઓ એક જ કક્ષાનાં છે. ગ્રીકો ગ્રીકોને માન્ય (હેલિનિષ્ટ) અને ગ્રીકેતર લોકોને માન્ય (બિન હેલેનિષ્ટ) એવાં વિચારોનો તીવ્રતફાવત સ્વીકારતા, પ્લેટોના વિચારો તે વખતે ગ્રીકોને માન્ય નહોતા. તેણે ભૌતિક જગત અને દિવ્ય જગતનું સ્પષ્ટીકરણ આપવા પડછાયો અને મૂળ વસ્તુનું ઉદાહરણ આપેલું છે અને દિવ્ય જગત મૂળવસ્તુ છે એમ સૂચવ્યું છે. અર્થાત્ આવો વિચાર આ ભૌતિકવાદી પંડિતોને માન્ય ન જ હોય એ સ્વાભાવિક છે. પણ પ્લેટોના અને ઋષિઓનાં ઉદ્દેશ બાબત તેમણે ગેરસમજ કરી છે. જગત એક ભ્રમ છે એ માટે આ રૂપક નથી પણ ભૌતિક વસ્તુનું મૂળ સત્ય કોઈ દિવ્ય-વસ્તુ છે એ છે. આવા

ગેરસમજના આધારે જ તેઓ પ્લેટો અને ઋષિઓને માનવોની કક્ષાએ ખેંચી લાવ્યા છે.

સારાંશ, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર એમ જાણે માને છે કે જ્ઞાનપ્રાપ્તિ કરવા માત્ર કલ્પનામય અનુમાનો જ એક સાધન છે આ તેનો દાવો આપણને માન્ય નથી. વધારામાં તુલનાત્મક પુરાણશાસ્ત્રે પોતાને એક વૈજ્ઞાનિક અભિગમયુક્ત શાસ્ત્ર તરીકે વિકસાવેલ નથી. વળી પ્રાચીન ધર્મો સુસંઘટિત હતાં તેમ જ તાર્કિક સુસુંગતતા પણ તેઓમાં હતી. આધુનિક તત્ત્વચિંતન પદ્ધતિનો વિકાસ તેમને જ આભારી છે. ગ્રીક અને સંસ્કૃત નામોની થોડીક સામ્યતા અથવા કાર્યની, ક્ષમતાની થોડીક સામ્યતા લઈને ગ્રીક પુરાણોમાંના દેવોને વૈદિક દેવો તરીકે ખપાવવા યોગ્ય નથી. દા.ત. પેરિસ અને હેલનને ઇન્દ્રની સરમા કૂતરી અને પણિ સાથે સરખાવવા.

અર્થાત્ હવે શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્ર શાસ્ત્ર તરીકે ધીમે ધીમે વિકાસ પામી જ રહ્યું છે, તે વિવિધ ભાષાઓના વિકાસના તબક્કાનો તુલનાત્મક અભ્યાસ કરે છે; છતાં તેણે હજી ભાષાવિજ્ઞાનને સંપૂર્ણ રીતે વિકસાવેલું તો નથી જ. તેમણે કાઢેલા અનુમાનોને બીજા પૂરક પુરાવા પણ મળતા નથી. દા.ત. 'પરમે વ્યોમન્' આ વૈદિક શબ્દનો અર્થ 'પરમ-સ્વર્ગમાં' એવો યુરોપિયન વિદ્વાનોએ કાઢેલ છે. પણ શ્રી પરમ શિવ આયરના 'ધી ઋક્સ' પુસ્તકમાં સાધાર વ્યુત્પત્તિ તેમણે આપેલી છે તે મુજબ 'વ્યોમન્'માં વિ+અમ્+અન્ ત્રણ શબ્દોની સંધિ છે. 'વિ' એટલે અતિશય, 'અમ્' એટલે રોગપીડા અને 'અન્' એટલે એવી સ્થિતિ (અમ્ ઉપરથી આયુર્વેદમાં આમ શબ્દ આવેલો છે.) સારાંશ, 'પરમે વ્યોમન્'નો અર્થ 'ખૂબ જ પીડાદાયક પ્રદેશ' અર્થાત્ 'અચિત્‌ની ખાઈ'. પરમે વ્યોમન્‌નો અર્થ એ કે પરમ-ચેતના ઊર્ધ્વમાં પણ છે અને અચિત્‌માં પણ અંતર્ભૂત છે. 'પરમે વ્યોમન્' શબ્દનો વ્યુત્પત્તિના દૃષ્ટિએ આ અર્થ થયો. જ્યારે યુરોપીય વિદ્વાનો તેનો અર્થ પરમ-ચેતના ફકત શ્રેષ્ઠ સ્વર્ગમાં જ છે, ઊર્ધ્વમાં જ છે; એમ જણાવે છે. (ઇશ્વર સ્વર્ગમાં જ છે એ ક્રિશ્ચન માન્યતા અનુસાર)

આવી સ્થિતિ હોવા છતાં યુરોપીય વિદ્વાનોને પ્રતિષ્ઠા સાંપડી છે તેનું કારણ તેઓની અભ્યાસુવૃત્તિ, તર્કયુક્ત દલીલો, વૈજ્ઞાનિક અભિગમ, અને અંતે યુરોપીય સંસ્કૃતિના વૈજ્ઞાનિક વિકાસની છાપ અને ભારતમાં કુશળ શાસન અને

તેને કારણે મળેલી વ્યાપક પ્રતિષ્ઠા; આવા વિવિધ કારણો જોવા મળે છે.

તેમણે વેદો બાબતની સામાન્ય માનવની અંધશ્રદ્ધાઓની સાફસૂફી કરી છે એ માન્ય કરવું જોઈએ.

ભારતીય વિદ્વાનોમાં શ્રી ટિળક, શ્રી પરમ શિવ આયર અને આર્યસમાજનાં સંસ્થાપક દયાનંદ સરસ્વતી ગણાવી શકાય.

શ્રી ટિળક પોતાનામાં યુરોપિયનોનો સિદ્ધાંત કે આર્યો ગ્લેશિયર્સ સમયમાં બહારથી આવ્યા તેને માન્ય રાખીને આગળ વધ્યા છે. તેમણે ઉષાના વૈદિક વર્ણનોમાં સૂર્યનું છ માસ ન ઊગવું અને આથમવું અર્થાત્ છ માસનો દિવસ અને છ માસની રાત્રીના ઉલ્લેખો, સૂર્યનું છ માસ મેરુપર્વતની આજુબાજુ પક્ષીની જેમ મંડરાવું વગેરે ભૌગોલિક ઘટનાઓ ઉત્તરધ્રુવ ઉપર જ શક્ય છે એમ દર્શાવેલ છે. મેરુ પર્વત સુવર્ણમય વર્ણવેલો છે. તે બરફનો સૂર્યપ્રકાશથી ઝળહળતો પર્વત હોવાની શક્યતા દર્શાવેલ છે.

તેમ જ છેલ્લાં પ્રકરણોમાં ખગોળશાસ્ત્રીય ઘટનાઓનો આધાર લઈ પૃથ્વીનો સંપાત બિન્દુ કેટલા વર્ષે કેટલા ફૂટ ખસે છે તેની ગણતરી કરીને તે વખતે ભારતમાં જ ઉત્તર ધ્રુવ હતો તેવું પ્રતિપાદન કરીને આર્યો બહારથી આવ્યા નથી તેવું પુરવાર કરવાનો પ્રયત્ન કરેલ છે.

શ્રી ટી. પરમ શિવ આયરે ઋગ્વેદમાં પૃથ્વી ગ્રહ ઉપર ફરી પ્રાણીજગત નિર્માણ થયું તે વખતની ભૂસ્તરીય ઘટનાઓનું રૂપકાત્મક વર્ણન જોવા મળે છે તેવો સિદ્ધાંત આગળ લાવ્યો. પૃથ્વી ઉપર વિકસેલી જીવસૃષ્ટિ એક વખત ગ્લેશિયર્સ ઘોડાપૂરથી પ્રલયમાં ગરકાવ થઈ ગઈ હતી અને મૃતપ્રાય બની ગઈ હતી. તે વખતની સ્મૃતિઓ મનુ અને ઈલાની કથામાં જોવા મળે છે. અને તે જ કથા બધી જ સંસ્કૃતિઓમાં પણ જુદા જુદા સ્વરૂપે જળવાઈ રહી છે.

આવી રીતે શ્રી ટિળક અને શ્રી ટી. પરમ શિવ આયરનાં સંશોધનો વેદોનાં સૂક્તનો સંભવિત બાહ્ય અર્થ ઉપર નવો પ્રકાશ નાખે છે.

આર્યસમાજના સંસ્થાપક દયાનંદ સરસ્વતીએ ભારતીય વ્યુત્પત્તિશાસ્ત્રનો ભરપૂર ઉપયોગ કરી વેદો ધાર્મિક, નૈતિક અને વૈજ્ઞાનિક આંતરદર્શનાનો પ્રકાર છે એવું પ્રતિપાદન કરેલ છે. તેઓ નિરાકાર એકેશ્વરવાદમાં માને છે પણ વેદોમાં વિવિધ દેવો તેમની પ્રકૃતિના વિવિધ શક્તિ - સ્વરૂપો માત્ર છે એમ ગણાવેલ છે.


વેદોમાં (ઋગ્ . ૬ -૬૬૪, ૪૬) દેવો એક સર્વવ્યાપક સત્ તત્ત્વનાં નામરૂપો માત્ર છે અને સત્‌ની વાસ્તવિકતા જગતથી પર છે એમ જણાવેલ છે. તેથી વેદોમાંના એકેશ્વરવાદમાં બહુદેવતાવાદ પણ સમાઇ જાય છે. ઈશ્વરનાં બંને પાસાં છે. તે સાકાર, નિરાકાર બંને છે, પણ આર્યસમાજ નિરાકાર એકેશ્વરવાદને જ માને છે, સાકાર ઈશ્વરને માનતા નથી.

તેમના મતે ભારતની વૈજ્ઞાનિક પ્રગતિ પણ નોંધનીય છે. તેઓ ખગોળવિદ્ હતાં. કુશળ વૈદ્યો હતા, અંક-શાસ્ત્ર પૂર્ણ વિકસિત હતું. ભૂમિતિના જાણકાર હતા, જ્યોતિષના જાણકાર હતા. ભાષાશાસ્ત્રના જાણકાર હતાં. કાવ્ય-વ્યાકરણના જાણકાર હતા. નૃત્ય, શિલ્પ, સંગીત, સ્થાપત્યના જાણકાર હતા.

આ બધાં વિવેચન બાદ હવે શ્રી અરવિંદનો વિચાર જાણી લઈએ. તેમના મતે વેદનાં સૂક્તોનો બેવડો અર્થ છે. બંને પરસ્પર સંબંધિત જ છે, પણ સમજવા માટે તેમને જુદા પાડવા જરૂરી છે. વેદ આંતર-બાહ્ય એવો તફાવત પાડતાં નથી. જે તત્ત્વ આંતર છે તે જ બહાર પણ છે. તે દિવ્ય-પ્રકાશ અને શક્તિ-સ્વરૂપ છે. પ્રકાશને કારણે તેમને દેવો કહેવામાં આવે છે. તેમની ક્ષમતા-સ્વરૂપ નિશ્ચિત પ્રકાશ એ જ તેમની શક્તિ છે. તેમના આપણી સમજણ માટે કહીએ તો આંતર અને બાહ્ય બે સ્વરૂપો છે. ખરેખર તે ગૂઢ રીતે સંકળાયેલાં છે. વેદોનાં સૂક્તો આ બંને સ્વરૂપોને એક જ ભાષામાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે છે, તેથી તે દ્વિઅર્થી છે એમ લાગે છે. તેમાં પણ આંતરિક માનસશાસ્ત્રીય અર્થ બાહ્ય પ્રાકૃતિક અર્થ કરતાં મહત્ત્વનો છે. આત્મસાધના માટે જ સૂક્તો લખાયેલાં છે, તેથી આંતરિક અર્થ જ આપણે શોધી કાઢવો મહત્ત્વનો છે.

પ્રાચીન અને અર્વાચીન બંને પદ્ધતિઓનો આમાં ઉપયોગ કરવાનો રહેશે. બાહ્ય પ્રતીકો યજ્ઞવિધિપરક હશે પણ યજ્ઞવિધિ પણ સાધનાનું બાહ્ય અંગ જ છે તે આપણને પરંપરાગત અર્થ અને વિશાળ સમજણ આપશે. તેની પદ્ધતિ તત્ત્વચિંતનાત્મક હશે. યુરોપીય પદ્ધતિ તુલનાત્મક સંશોધનની અને વિવેચનાત્મક હશે. તેમાં વૈજ્ઞાનિક સુનિશ્ચિતતા હશે. બૌદ્ધિક તર્કસંગતતા હશે.

વચગાળાના આ ભૂતકાળની મદદથી આપણે વેદોનાં આંતરિક મર્મોને અર્વાચીન ભાષામાં ઢાળવા પડશે, તો જ આ પ્રાગૈતહાસિક જ્ઞાનનો વારસો આપણને ઉપયોગી નીવડશે. ભારતનાં ભાવિ માટે તે જરૂરી છે.



# શ્રી અરવિંદ

And all that was destroyed must be rebuilt
And old experience laboured out once more.
All can be done if the god-touch is there.

Savitri B-1, C-1, P-3

## દેવોની સહાય

ભાવાનુવાદ

નૂતન-સૃષ્ટિ નિર્માણમાં, ભવ્ય વારસો લેવો પડે,
વિનાશ પામ્યું જે પૂર્વે, તેને ફરી રચવું પડે.
ભૂતકાળના અનુભવો, ફરી તાજા કરવા પડે,
પણ આ શક્ય છે, જો સહાય વિશ્વદેવોની હો.

## જ્યોતિર્લિંગનો અર્થ

જ્યોતિર્લિંગો ઠેર ઠેર, બાર ગણ્યાં ભારતે,
નિર્મળ તેજોમય રૂપ, સંસ્કૃતિએ આપ્યાં વારસે.
આભાચક્ર માનવતણું, એ જ લિંગ વેદો વદે,
લિંગનો અર્થ ચિહ્ન ગણી, સાધનાનાં તબક્કા એ ગણે.
આંતરભાવો પ્રગટી ચિત્તે, પ્રકાશ - રંગો ધારતા,
તે રંગો જોઈ ઋષિવરો, શિષ્યને બધું સમજાવતા.
દિવ્યભાવો બાર ગણી, બાર જ્યોતિર્લિંગો ગણ્યાં,
અર્થ તેનો જાણવો, એ રહસ્ય ઋષિવરો ભણ્યાં.
આભાચક્ર દીપ્તિભર્યું, તથા ઊર્ધ્વ - ધારા તેજની,
બંને મળી થાળું શિવલિંગનું, એમ મર્મી લોકો ગણે.
ઊર્ધ્વધારાને યષ્ટી કહી, શ્રીસૂક્તમાં કર્દમે,
યષ્ટી પ્રકાશ - સ્તંભરૂપ, એમ બધા વેદો કહે.
આભાચક્ર 'પુષ્કરણી' કહી, તેજની તળાવડી,
બંને મળી થાળું બને, આધારશીલા શિવ - તણી.
થાળા ઉપર આત્મલિંગ, શિવલિંગ તરીકે બિરાજતું,
એ જ પૂજનમાં ગ્રહે, એમ શાસ્ત્ર જણાવતું.
આદિત્યો જ સત્‌રૂપો ધરી, બાર જ્યોતિર્લિંગો બન્યાં,
શક્તિરૂપે આદિત્યરૂપ ને, સત્‌રૂપે શિવ ગણ્યાં.
આભાચક્રે રાચતાં, સાધક જીવન ઊંર્મિમાં,
તે આત્મપ્રકાશે આનંદસભર, ભા-રત મસ્તીમાં.
તેથી જ ભારતે લિંગો વસે, એમ ગૂઢવાદી કહે,
તે સ્વાત્મલિંગો બની, હું વિચરું મુક્ત થઈ બધે.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક** www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

**પુસ્તકો** www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH **- RAJKOT - RMS**